કુમાર

મે ૧૯૯૫
૨૫૭

સંસ્થાપક • રવિશંકર રાવળ આવતી કાલના નાગરિકો [illegible] આજના [illegible] માસિક

તંત્રી
બચુભાઈ રાવત



વિદાયઃ વિષ્ણુકુમાર ભટ



ઢીંગલી ચિત્રકાર રસિકલાલ પરીખ (કલાકારના સૌજન્યથી)

કુમાર

મે ૧૯૪૫ · અંક ૨૫૭


પ્રકાશન તા. ૧૫-૫-૧૯૪૫

લેખકોને

કાગળ-કરકસર-કાનૂનને કારણે લેખો અત્યંત ટૂંકા અને મુદ્દાસર હોય એ જરૂરી છે. તેમજ પોતાના લેખ માટે ઉત્તર કે અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઈચ્છા હોય તો લેખ સાથે પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે. તે વિના ઉત્તર આપવાનું બની શકશે નહિ.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



ગુરુત્વાકર્ષણના લાભ-ગેરલાભ : દરેક વસ્તુને પોતાના તરફ ખેંચવાની પૃથ્વીની ગુરુત્વાકર્ષણશક્તિ આપણા જીવન ઉપર લાભદાયી અને ગેરલાભકારક બંને પ્રકારની જે અસરો કરે છે તે ઉપરનાં ચિત્રોમાં બતાવ્યું છે. ટોટી વાંકી વાળતાં જ પાણી આપમેળે બહાર રેડાય છે ત્યાંથી માંડીને આપણને વજન નક્કી કરી આપનાં ત્રાજવાનાં પલ્લાં સુધી એના જ પ્રતાપે જીવન સરળ બને છે તે ઉપલા વિભાગનાં ચિત્રો બતાવે છે. અને એ જ શક્તિ પાછી અમુક બાબતોમાં આપણા જીવનપ્રવાહને રોધક પણ નીવડે છે તે નીચેનાં ચિત્રો બતાવે છે. પીઠ પર વજન લઈ જતો માણસ બેવડો વળી જાય છે તે પણ ગુરુત્વાકર્ષણનું જ પરિણામ, એ જાણીને તમને આશ્ચર્ય થશે; પણ નીચલા ચિત્રમાં બતાવેલા વજનથી ઝૂકી જતા અભરાઈના પાટિયા જેવી જ એ અસર છે. 'વજન' એ બીજું કાંઈ જ નહિ પણ ગુરુત્વાકર્ષણે આપેલું મૂલ્ય જ છે.

સ્મૃતિપાથેય

· અનુષ્ટુપ ·

એકાકી કાનને સૂતા થાકયા કોઈ પ્રવાસીની
નિંદના અંતમાં આવે સહસા જેમ ચંદ્રિકા,
નેત્રને આંજતી સ્મિતે, ઘેરતી આત્મ સર્વને,
પ્રેમના છંદને ગાતી, ઉરના તાલપ્રેરતી:
આવી'તી એકદા એવી મારા યૌવનની ગીતા.



તુફાને શૂન્ય વેરાને, ઘોર કો' વનરાજિમાં,
ઘૂમતા વન્ય કેડીએ, ભૂલેલા યાત્રીના પથે,
થાંજેલાં સિક્ત ગાત્રોએ તેજથી હુંફ વેરવા
આભની આંધીથી જાગે સહસા જેમ સંધિકા:
આવી'તી એકદા એવી મારી પ્રાણમયી ઉષા.

પર્ણની ઝાંઝરી બાંધી, પુષ્પના મ્હોડ ધારીને,
કેસરી રંગના વાઘા પલાશે ભવ્ય ટાંગીને,
ફૂલની ચૂંદડી ઓઢી ઋતુની રાણી આવતી
દેખીને વૃક્ષ ડાળેથી કોકિલા ગીત કૂજતી:
આવી'તી એકદા એવી વાસંતી કાવ્યપંખિણી



હજારો વર્ષથી મૂગી પડેલી દિવ્ય મ્હેલમાં,
સૂતેલા સૂરને છેડે સહસા જેમ કો' વીણા,
–ઓચિંતી ઊઘડયે બારી વાયુની લ્હેરી આવતાં–
આવી'તી એકદા એવી ઉરનું બીન છેડવા
મીઠા મલયકુંજેથી મ્હાલતી વાયુની લીલા.

નેત્રમાં મીનના ભાવો, પદે ચાપલ્ય વીજનું,
હસ્તમાં પ્રેમનાં પદ્મો, ઉરે સૌન્દર્યબંકિમા,
બીજના ચંદ્રમા જેવી આછેરી હૃદયરેખમાં
આકાશી ચૂંદડી નીચે ગોપાવી પ્રેમની કલા,
આવી'તી એકદા એવી મારી જીવનની જયા.

રતિલાલ છાયા

અગ્નિદીક્ષા

[સા મ યિ ક ચિં ત ન]


જિંદગીને ટકાવવા, તેનું સંવર્ધન કરવા, અને આખરે ત્યાં તો તેની વિદાય પછી જીવનહીન શરીરને પોતાને ખોળે લેવામાં અગ્નિનું સ્થાન અનિવાર્ય છે. જિંદગીના જુદાજુદા પગથિયા પર પગ મૂકતા આપણે ત્યાં અગ્નિને ચોક્કસ સ્થાન આપવામાં આવ્યું છે. જિંદગીનું પ્રભાત તેના મંગલમય હાથે ઊઘડે છે મધ્યાહ્ન તેની તેજસ્વી જ્વાલા સંમુખ ઝગી ઊઠે છે, અને સંધ્યા સમે તેની જ પ્રદીપ્ત શય્યામાં પોઢવાનું હોય છે.

પણ એ બાહ્ય પ્રતીકનું સૂચન સમજીએ તો જેને ખરેખરૂં જીવન જીવવાની અંતરમાં ઝંખના છે, જેને સાચા અર્થમાં આર્ય થઇને આયખું ઘસી નાખવું છે તેને અગ્નિની દીક્ષા લીધા વિના છૂટકો નથી. અગ્નિપ્રવેશ વિના શુદ્ધિનું મૂલ્યાંકન બીજી રીતે થતું નથી જાણ્યું.

બાળપણમાં સ્વપ્ન તો ઘણાં સેવ્યાં હશે. પણ એ સ્વપ્નને સજીવ કરવા માટે સાધના—એકાંતિક ઉપાસનાની ભઠ્ઠીમાં એને તાવવાં પડે છે. પ્રબળ ઇચ્છાશક્તિના ઘણ વડે કર્તવ્યની એરણ પણ એનો ઘાટ ઘડવો પડે છે. અને ત્યારે જ સ્વપ્નમાં આળખેલ વસ્તુ સિદ્ધિ બનીને આપણે આંગણે અવતરે છે. સ્વપ્નને સાચાં બનાવવાનો આ જ પ્રકિયા છે. અગ્નિની આરાધના વિના કંઇ પણ પવિત્ર નથી થતું, કંઈપણ પરિપૂર્ણ નથી બનતું.

પણ તેથી એમ જરાપણ માનવાનું નથી કે આ અગ્નિદીક્ષા વેદનાના ભડકાથી જ ભરેલી છે. એમ સમજવાનું નથી કે આ કપરો માર્ગ સદા કાંટાથી જ છવાએલો છે. પણ ખરૂં જોતાં એ જ પરમ સુખનો માર્ગ છે સળગવું અને અજવાળી જવું એ જ એનું હૈયારટણ છે. એ પ્રેમનો પંથ છે, પાવકની જ્વાળા છે, ને છતાં તેમાં પડેલા માટે મહાસુખ માણવાનો અવસર પણ તેમાં સભર ભર્યો છે. જેને ઝંપલાવવાની હિંમત નથી, પણ દેખતાંવેંત દાઝી ઊઠવું છે, તેને તો શું કહેવું ?

એટલે તમે સમજ્યા હશો. અગ્નિની દીક્ષા-વિના કોઇનો જયવારો નથી. જેને આ જગત છોડી, સંન્યસ્ત લઈ, જંગલને એકાન્ત ખૂણે સંતાઈ જવું છે તે અગ્નિનો સ્પર્શ નહિ કરે તો ચાલશે, અને ત્યાં યે પણ જો અંતર્દીપ જલતો નહિ હોય તો અજવાળાની આશા નથી જ. પણ જેને આ દુનિયાનું સ્વરૂપ બદલાવી નાખવાની મનીષા છે, જેને આ મરુભૂમિને નંદનવનમાં પલટાવી નાખવાની અભિલાષા છે તેને જાતને અગ્નિમાં સંતપ્ત કરી પલોટી નાખ્યા સિવાય નહિ ચાલે. સૂર્ય નહિ સળગે તો વર્ષા નહિ જ થવાની. અને તો પછી નવસર્જનની આશા ઊગી તેવી જ વેરાનની રેતમાં ઢબુરાઈ જવાની.



અગ્નિદીક્ષાનો ખરો વારસો જુવાનીના હાથમાં છે. આલવાઇ જતા વિશ્વપ્રાણને ટકાવવા, તેનું સંવર્ધન કરવા, તેને પૂર્ણ ને પવિત્ર બનાવવા જગત જુવાનીને સાદ દઇ રહ્યું છે. જે અવાજ સાંભળશે તેનાથી એક પળ પણ ઊભું નહિ રહી શકાય.

મકરન્દ દવે

ઈંગ્લંડના અભિજાત કલાચાર્ય • સર
વિલિયમ રોથેન્સ્ટાઈન



પ્રૌઢ વયે જાતે કરેલી
પોતાની છેલ્લી છબિ

કલાશાળાના આચાર્ય થયા અને જીવનમાં કાંઈક વિશેષ સ્થિર થયા, એટલે ઇ. ૧૯૨૨માં ઓકરિજ નામના નાનકડા ગામમાં એમણે પોતાનું એક નાનું નિવાસગૃહ બાંધ્યું અને રજાના દિવસોમાં લંડન છોડી ત્યાં રહેવા માંડ્યું. એમને ત્યાં અનેક સુપ્રસિદ્ધ વિદ્વાનો, કલાકારો ને કવિઓનું આવાગમન રહેતું ને તેમની સાથેના અનેક આનંદજનક ને મધુર પ્રસંગોની નોંધો તેમણે રાખી છે. એ ઉપરાંત એમના એ નાના ગામનો પોલીસ હવાલદાર, ગાડાવાળો કે સુતાર લુહાર પણ તેમના પરિચયથી વિમુખ રહ્યો નહોતો. ઓકરિજની સીમમાં તો બધાં ખેતરો જ હતાં—ફૅક્ટરીઓ બધી દૂર હતી એટલે ત્યાં ખૂબ શાન્તિ રહેતી. એમનું ઘર નાનું હતું, પણ તેમાં યુક્તિપૂર્વક યોજનાઓ કરીને તેમણે સુંદર સમાવેશ કરી લીધો હતો. ત્યાં રહીને તેમણે અનેક ગ્રામદૃશ્યો અને ગ્રામજનોની છબિઓ કરી છે. પોતાના બગીચાના માળીની પણ સુંદર તસ્વીર કરી તેમણે પોતાના સંસ્મરણ ગ્રંથમાં મૂકી છે

પાનખર અને શીત ઋતુમાં જ્યારે તે લંડનમાં હોય ત્યારે કેન્સિંગ્ટનમાંના સ્ટુડિયોમાં એમને ખૂબ કામ રહેતું. મોટામોટા માણસો તેમની પાસે રેખા-તસ્વીરો માટે આવતા, અને મોટીમોટી સંસ્થાઓ માટે તૈલ તસ્વીરોનું કામ પણ હાથ પર રહેતું. એ વખતે તસ્વીર-ચિત્રણ માટે રિવાજ એવો હતો કે ઘરાક પહેલી એકવખતે અરધી રકમ બાનાના તરીકે આપતા અને તે કામ પસંદ ન પડે તો એ રકમ ચિત્રકારને રહેતી. પણ રૉથેન્સ્ટાઈન આવો કરાર કોઈ સાથે કરી શકતા નહિ પોતે જિગર દઈને યથાશક્તિ કામ કર્યું હોય તે કોઈ પાછું વાળે તો તેનું મનદુઃખ થયા વગર રહે જ નહિ.—પછી તેનું નાણું વ્યાજબી હોય કે નહિ અને ઘણી વાર તો ગેરવ્યાજબી વાંધાઓ જ કાઢવામાં આવે છે. કલાકાર રૉઝેટીને વૉટ્સે કરેલી પોતાની તસ્વીર પસંદ ન પડી, એટલે બદલામાં પોતાનું એક ચિત્ર આપીને લઈ લીધી અને પછી તે ફાડી નાખી. આવો દાખલો તેમના પોતાના એક ગ્રાહકના પ્રસંગમાં પણ બનેલો.

એ જ સાલ (૧૯૨૪)માં પાર્લામેન્ટના હાઉસ ઑવ કૉમન્સમાં મોટાં ભીંતચિત્રો કરવાનો ઠરાવ થયો ને તેની કમિટીમાં રૉથેન્સ્ટાઇન પણ નીમાયા. તેમનો હિંદુસ્તાનનો પરિચય સારો છે એમ જાણીને તેમને 'જહાંગીરના દરબારમાં સર ટૉમસ રોની મુલાકાત'વાળો પ્રસંગ ચીતરવાનો સોંપાયો. તે કામ (જુઓ એક રંગપટમાંનું ચિત્ર) તેમણે બહુ ઉમંગથી હાથ ધર્યું અને તે કાળના પોશાકો મેળવવા પ્રયત્ન કર્યો, પણ ૧૮મી સદી પહેલાંનું કાંઇ બચેલું ન હતું એટલે પોતાની પાસેનાં મુઘલ અને રાજપુત ચિત્રોના આધારે, તેમજ સર સ્ટૅન્લી ક્લાર્ક અને સર ઑરેલ સ્ટાઈનની સહાયથી તૈયારી કરી લીધી. મોટામાં મોટા માપનું એ એક જ ચિત્ર તેમણે કર્યું છે.

ધીમેધીમે તેમણે કૉલેજમાં સારા પ્રોફેસર-મિત્રો મેળવી લીધા ને કેટલીક ચર્ચા પછી, લૉર્ડ ક્રાફર્ડની સહાયથી એક સરકારી ફાઇન-આર્ટ કમિશનની નિમણૂક કરાવી. ગેડિસની કાપકૂપથી કેટલીક સંસ્થાઓનાં ખર્ચ કમી કરવામાં આવ્યાં ત્યારે રોથેન્સ્ટાઈનને પોતાની કૉલેજમાં પ્રોફેસર ઑવ પેઇન્ટિંગનું કામ પણ સંભાળવું પડેલું. તેનો ભાર અને થાક વધુપડતો થવાથી તે બીમારીનો ભોગ થઇ પડ્યા હતા. એમ છતાં ટેકાઓ અને ઝોળીની મદદ લઈ હાઉસ ઑવ કૉમન્સમાંના સ્ટીવન્સ હૉલનું પેલું સર ટૉમસ રોવાળું મોટું બાર ફૂટનું ચિત્ર તેમણે પૂરું કર્યું હતું.

'આ જ અરસામાં રવીન્દ્રનાથ પણ બીમાર પડી ગએલા. ૧૪મી એપ્રિલ ૧૯૨૬ના રોજ શાન્તિનિકેતનથી એમણે રૉથેન્સ્ટાઈન ઉપર લખેલા પત્રમાં એમની એ કાળની લાગણીઓ આલેખેલી છે:

'લાંબા વખતના શાન્ત મૌન પછી તમે પત્ર લખ્યો તે કેટલું સારું કર્યું? હું હાલ ઝાંખા થતા જીવનના મંદ પ્રકાશમાં ટકી રહ્યો છું, તેવા વખતમાં તેની અસર હૃદયને ખાસ સ્પર્શે છે. દૂરની અજાણી ક્ષિતિજ પર ગંઠાએલી મૈત્રીની સ્મૃતિ તેની અનેકાનેક રંગસમૃદ્ધિના પ્રકાશમાંથી જાગે છે અને વારંવાર મનને તેના ચમત્કારથી ભરી દે છે. અત્યારે તો હું જગત પર કોઇ આભાર કરવાનો મિથ્યા દાવો છોડી, જગતના સાદની અવગણના કરી, નફકરો બેપરવાઈથી ખુરશીમાં પડ્યો છું . . . મારી તબિયત બેહાલ થતાં મેં મારી પ્રવૃત્તિઓ છોડી દીધી છે અને આરામની દશા મેળવી છે; પણ તે સાથે મારા કાર્યના ભાર નીચે દબાઈ રહેલી મારી સ્વાભાવિક વૃત્તિઓનાં સ્મરણો જાગે છે . . .'

આમ છતાં, એ વખતે કવિવરનાં પ્રકાશનોનું પ્રમાણ વધી ગયું હતું. તેમણે ચીન, ઈરાન, યુરોપ અને કૅનેડાના પ્રવાસો કર્યા હતા અને પોતાના આકર્ષક સ્વરૂપ ને વાક્પ્રભાવથી ભારતનું પ્રજ્ઞાસૌન્દર્ય તેમણે સર્વત્ર પ્રતિધ્વનિત કરી દીધું હતું. પણ 'ગીતાંજલિ'ના પહેલા અનુવાદ વખતે ઠાકોર વિષે યુરોપને જે જિજ્ઞાસા પ્રકટી હતી તે હવે નરમ પડવા માંડી હતી. કવિ, વાર્તાકાર અને તત્ત્વચિંતક તરીકે તેમનો પરિચય આપતું પુસ્તક ઍડવર્ડ ટૉમ્પ્સને બહાર પાડ્યું હતું.

પ્રો. રૉથેન્સ્ટાઈનના એક ભાઇ રધરસ્ટને (એણે પોતાની અટકનું જર્મન નામ રૉથેન્સ્ટાઈન બદલીને અંગ્રેજ જેવું રધરસ્ટન કર્યું હતું) બાપીકો ધંધો જાળવી સારી કમાણી કરી હતી ને ઇ. ૧૯૨૭માં ગુ-

હિંદી ચિત્રકલાનો પુરસ્કાર અને ઇન્ડિયા હાઉસનાં ચિત્રો · સ્વપ્નભોમનાં રહસ્યદર્શન સમી રવીન્દ્રનાથની ચિત્રકલા · જ્યારે નૃત્યકાર ઉદયશંકર એમના ચિત્રકલાશિષ્ય હતા

ગુજરી ગયા. પણ તે પહેલાં તેમણે પોતાનું નામ જાહેર કર્યા વિના ૧૨,૦૦૦ પૌંડ જેટલી રકમ અધિકારીઓને સોંપી અને પોતાની પાસેનો કલાસંગ્રહ લોન રૂપે લંડન બહારના પ્રાન્તોમાં મુખ્ય સ્થળે પ્રદર્શિત થાય એવી યોજના મૂકી. આજે પ્રાંતવાર કલાશાળાઓ ને કલારસિકોને એ લોન-પ્રદર્શનના દરેક ફેરામાં ૩૦ ઉત્તમ કલાકૃતિઓ જોવા મળતી થઇ છે. તેમણે પોતાની એ યોજનામાં લખ્યું છે કે 'કલાકૃતિ જોવા ઈચ્છતા દરેક રસિક જનને તે સુપ્રાપ્ય બનવી જોઇએ. જેની પાસે કલાકૃતિઓનો સંગ્રહ છે તે તો જાહેર જનતાનો એક ટ્રસ્ટી માત્ર છે અને તેને એકલપેટા બનવાનો હક્ક નથી. મારી પાસે જ એટલાં બધાં ચિત્રો છે કે તેને હું ભીંત પર ટાંગું એટલી જગ્યા યે મારી પાસે નથી. એટલે જો તેના છુટાછુટા વિભાગ કરી તે ચિત્રાલયો, શાળાઓ ને શિક્ષણસંસ્થાઓને પહોંચાડવામાં આવે અને પછી એ ક્રમે બીજા સંગ્રાહકોની કૃતિઓ સાથે અદલબદલ કરવામાં આવે તો દરેકને નવીન રસ અને નવો જ અભ્યાસ મળતા થાય.' કહેવાની જરૂર નથી, કે આ યોજના બહુ જ સફળ થઈ અને એ લોનપ્રદર્શનો ફરફર તી સંસ્થાઓને પ્રકાશ અને રસ પહોંચાડતાં બની ગયાં.

લંડનની ઇન્ડિયા ઑફિસમાં તેમના મિત્રો સર આર્થર હર્ટેલ, સર માર્શલ સીટન ને સર વિલિયમ ડ્યૂક હતા તે બધાને તેમણે આગ્રહપૂર્વક સમજાવ્યું કે હિંદમાં ઉત્તેજન વિના સબડતા હિંદી કલાકારોને કામે લગાડવાની જરૂર છે એ વાત હિંદના વાઇસરૉય તથા ત્યાંના રાજામહારાજાઓને ગળે ઉતારો. તે સાથે દર પાંચ વર્ષે જુદા જુદા પ્રાંતમાં એકએક મહાસમારંભ એવો કરવો કે જ્યાં એતદ્દેશીય કવિઓ, સંગીતકારો, ચિત્રકારો, નૃત્યકારો આદિ વિવિધ સાંસ્કૃતિક કલાકારો ભેગા થાય અને તેમાં અમુક નિશ્ચિત રૂપમાં તેમના કદર થાય તથા પુરસ્કારો અપાય. હર્બર્ટ ફિશરને હિંદી કલામાં ઘણો રસ હતો, અને તેણે તો ઉત્સાહપૂર્વક આ પ્રકારના 'હિંદી કલામહોત્સવ' વિષે રૉથેન્સ્ટાઈનને લખ્યું પણ ખરૂં કે 'તમને જરાકે સમય મળે તો આ માટે તમારા મનમાં જે યોજના હોય તે લખી આપો. તમે તેને સરકારી ધોરણે ચલાવો કે પ્રાંતિક ધોરણે? કે બંને રીતે? અને આ ઉપરાંત સમસ્ત ભારતની પણ આવી હરીફાઈ ગોઠવી શકાય? તેનું પરીક્ષકમંડળ કેવું હોય? મુશ્કેલી એ છે કે સરકાર તો ઇનામની રકમ કાઢી આપે, પણ સરકારી ખાતામાંથી ચિત્ર, કવિતા કે સંગીત સમજનારો કોઇ મળવો મુશ્કેલ થશે.'

પણ રૉથેન્સ્ટાઈનના મનમાં તો એવું હતું કે હિંદની કલા કવિતા ને સંગીતના ગુણદોષ તો હિંદીઓ જ બરોબર સમજી શકે, અને તેમની દૃઢ શ્રદ્ધા હતી કે દેશ જ હિંદી કલાકારની દૃષ્ટિ વિશાળ બને એટલી સગવડ સાથે તેને ઉદ્યમ મળે અને કામમાં છૂટ રહે તો હિંદી ચિત્રકળા પાછી દીપ્તિમાન થાય. આજકાલ જે જૂની ઘરેડ પર ગામડાંઓમાં ગરીબ કારીગરો કલાકૌશલ નિભાવી રહ્યા છે તે સાવ નિર્જીવ છે.

આથી તેમણે વાઈસરૉય લૉર્ડ અર્વિનને પણ લખ્યું કે હિંદી કલાકારોનો હિંદી સરકાર પર હક્ક છે, ને તેનો સ્વીકાર કરવો જોઇએ. અને વાઇસરૉયે તરત જવાબ આપ્યો કે 'ન્યૂ દિલ્હીમાં સર હર્બર્ટ બેકરે બાંધેલી ધારાસભામાં હિંદી કલાકારોને હાથે ચિત્રો અને સુશોભનો કરાવવાં છે, માટે તેમાં સલાહ આપવા તમે આવો.' રૉથેન્સ્ટાઇનને જાણ હતી કે હિંદની જુદીજુદી ચિત્રશાળાઓમાં પરસ્પર ઘણા મતભેદ હતા તેથી ઉપરથી શાણી સલાહની જરૂર હતી; અને ફરીવાર બનારસના ઘાટો અને ટાગોરમંડળની મુલાકાત લેવાની પણ તેમને ઈચ્છા હતી. પરંતુ એ વખતે હિંદનું રાજકીય વાતાવરણ એવું તંગ હતું કે તેઓ કોઈ બાબતમાં ભેળાવા નારાજ હતા. વળી તેમની તબિયત પણ લાલ સમુદ્રની હવા ખમે એવી એ વખતે નહોતી, એટલે તેમણે ફરી હિંદ આવવાનું માંડી વાળ્યું.

એ વખતે ઈંગ્લંડમાં સર અતુલ ચૅટરજી હિંદના હાઇ કમિશ્નર હતા. તેમણે સર હર્બર્ટ બેકરના સહકારથી લંડનના ઇન્ડિયા હાઉસનાં ચિત્રો હિંદી કલાકારો પાસે કરાવવાનું ઠરાવ્યું. હિંદી સરકારે તેને અનુમોદન આપ્યું અને હિંદની કમિટીએ પસંદ કરી મોકલેલા છ કલાકારોમાંથી ચારને ચૂંટી લેવાનું તેમને કહેવામાં આવ્યું. પણ ખરેખર કામ કરે તે પહેલાં તો એ ઉમેદવારો તેમના હાથ નીચે 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ'ના એક પ્રાયોગિક ચિત્રભવનમાં રહી મ્યૂરલ (ભીત્તી) ચિત્રકામની પ્રથા અને પ્રકારનો અભ્યાસ કરે એવું ઠર્યું.

અંતે ચાર જણ ચૂંટાયા અને તેમને કૉલેજના અધ્યાપકો પાસે સારી તાલીમ અપાવી. એ લોકોમાં જો ખરેખર કોઈ દોષ હોય તો એ કે તેઓ ભેગા મળી કામ કરી શકતા ન હતા. અરે, ચૂંટણી વખતે તો એ છમાંનો એક જણ સાઉથ કેન્સિંગ્ટનના તેમના બારણે જઇને અડચો હતો! છેવટે ઇન્ડિયા હાઉસના એક ગુંબજમાં એકસરખું કામ કરવાની યોજના થઈ અને તે સાંગોપાંગ પાર ઉતરી. અકસ્માત એવો બનેલો કે પસંદ થયેલા એ ચાર કલાકારોમાંના ત્રણ તો બંગાળી નીકળ્યા, અને ચોથો પણ ત્રિપુરા સ્ટેટનો જ હતો! પાછળથી રૉથેન્સ્ટાઇનને જણાયું કે આ જ કારણથી મુંબાઈની કલાશાળાને ખૂબ નારાજી થએલી.

"મુંબાઇને પાછળ રાખીને મેં કલકત્તાના કલાકારો પર પક્ષપાત કર્યો એ પ્રકારે "ટાઈમ્સ ઑવ ઇન્ડિયા"માં મારા પર સખ્ત આક્ષેપો થયા હતા, અને નવાઇની વાત એ હતી કે વાઈસરૉય પર મેં લખેલા ખાનગી કાગળનાં અવતરણો ટાઇમ્સના લેખોમાં દેખાયાં હતાં. એ કાગળ કોઇને હાથ શી રીતે ગયો એ ભેદ જ રહ્યો. મને હવે સંતોષ થયો કે લૉર્ડ અર્વિનનું નોતરૂં મેં ન સ્વીકાર્યું તે સારૂં કર્યું. બે વર્ષ સુધી એ કલાકારોની તાલીમ ને કામ પાછળ મેં વેતરૂં કર્યું તેના બદલામાં મને હિંદની સરકાર તરફથી આભારની એક ચિઠ્ઠી અને બીજી દિશામાંથી ગાળોનાં ઝાપટાં મળ્યાં! હિંદની કળામાં રસ લેનારા જ બહુ થોડાં હતાં, અને તે હવે આ પ્રસંગથી બહુ પાછાં પડી ગયાં.

ઑટલી ગાર્ડનમાં સર રૉથેન્સ્ટાઈન અને જૅકસ બીરબોહ્મ સાથે રહેતા. ત્યાં એક સમી સાંજે સી. એફ. ઍન્ડ્ર્યૂઝ ઓરડામાં દાખલ થયા, અને દૂરનો કોઇ પયગંબર સંદેશ લાવ્યા હોય એવી અદાથી હાથ ઊંચા કરી બોલ્યા: 'ગુરુદેવ રેખા ઉપર ઊતર્યા છે.' ત્યાર બાદ થોડા જ વખતે ટાગોરનો પત્ર આવ્યો:

વીલા કાફ, કેપ માર્ટિન, માર્ચ ૩૦મી, ૧૯૩૦

પ્રિય સુહૃદ,

રસ્તે અનેક પ્રકારની અગવડો વટાવતા, ૨૬ દિવસની લાંબી સફર કરી અમે યુરોપ આવી પહોંચ્યા છીએ. ગરમી પડવા માંડે ત્યાં સુધી કેટલાંક અઠવાડિયાં હું દક્ષિણ ફ્રાન્સમાં જ વીતાવીશ, અને પછી પારીસ પહોંચીશ. તમને ખબર પડ્યા હશે કે ઑક્સફર્ડમાં ભાષણ આપવાનું મને આમંત્રણ મળ્યું છે—ઘણે ભાગે જૂનના આરંભમાં, જ્યારે ઇંગ્લંડમાં ઠીકઠીક ઉષ્ણતામાન હશે.

તમે તો જાણી ચૂક્યા છો કે (અનુસંધાન આગળ પાન ૧૧૭મે)

ગરીબીએ બે બાળકો જન્માવ્યાં છે : નફટાઈ ને ગૌરવ.
એક જીવતાં મુએલું છે; બીજું મરીને જીવી જાય છે.

વ્રજ-લાટ

મૂળ લેખક
શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય



એમણે મહીના માસથી ખાસ કંઇ ખાધું હોય એમ જણાતું નથી.

પચીસ-છવીસ વર્ષનો એક યુવાન કલકત્તાના કો'ક વિખ્યાત માસિક યા પુસ્તક-પ્રકાશકના વિશાળ કાર્યાલયમાંથી બહાર નીકળી ફૂટપાથ ઉપર આવી ઊભો રહ્યો.

ફાગણની બપોર ત્યારે નમવા આવી હતી. લગભગ સાંજના સાડા પાંચનો શુમાર હતો. એ જરા આજુબાજુ ફર્યો. આસપાસ નજર નાખતાં નજીકમાં જ એક રેસ્ટોરાં એની નજરે પડ્યું. હોઠ ચાવતાં ચાવતાં ઢાળેલી નજરે એણે કંઈક વિચાર્યું, ને પછી ધીમી ચાલે, અન્યમનસ્ક ભાવે, એ રેસ્ટોરાં બાજુએ આગળ વધ્યો.

પહેરવેશ જોતાં એ યુવાન કોઇ શોખીન જીવડો લાગતો હતો. ધોળી ધોયું રેશમી પંજાબી અને બગલાની પાંખ જેવું ઊજળું ધોતિયું. ને બગલમાં થઇને ખભા પર ગોઠવાયેલો હતો ઘડી કરેલો એસ. તેલ વિનાના સાહજ રૂક્ષ બનેલા વાળ એણે પ્રયત્નપૂર્વક પાછળની બાજુ વશ કર્યા હોય એમ દેખાતું હતું. પગમાં પેટન્ટ ચામડાના પંપ શૂ. સારી પેઠે સોહામણું મોં અને આછી એવી થોડીક દાઢી. એનો બાંધો અકડવંડો છતાં સુડોળ હતો, પણ નિહાળીને જોતાં એના મોં પર એક અસ્વાભાવિક પીળાશ અને નિર્બળતા નજરે પડતી. કપાળમાં અને આંખ પાસે આછી કરચલી પડવી શરૂ થઇ હતી. જેઓ શરીર પર વધુ પડતો અત્યાચાર કરતા હોય છે તેમનાં મોં-આંખ પર થાકોડાનાં આ જાતના લક્ષણો લગભગ નોંધાએલાં જ હોય છે.

એ ધીમા ચાલે લગભગ રેસ્ટોરાંના દ્વાર પાસે આવી પહોંચ્યો હતો ત્યાં પાછળથી કોઇકે કહ્યું: 'કાં અલ્યા વ્રજ-લાટ? ક્યાં ચાલ્યો?'

યુવાને મોં ફેરવી જોયું તો હીરેન. હીરેન એક સાધારણ સાહિત્યકાર હતો. એનો પહેરવેશ દારુણ દૈન્યનો પરિચાયક હતો. ખમીસ જુઓ તો મેલું ધાણ. બટન તો હોય જ નહિ. અને ચંપલનો પાછલો ભાગ એવો ઘસી ગએલો કે એની પેની સદાયે ફૂટપાથને ચૂમતી જ રહેતી. એ પણ પચીસ-છવીસ વર્ષનો હતો. એનાં મોં પર એક અતૃપ્તિ, અસંતોષભર્યો એક ક્લાન્તિભાવ સાફ જણાઈ આવતો હતો.

વ્રજલાટને એના પગમાંના પંપશૂથી માંડી માથાના બ્રશ કરેલા વાળ સુધી નિહાળીને હીરેન બોલ્યો, 'કેમ ભાઈ, કંઈ શિકારે નીકળ્યો છે કે શું? આજ વળી કઇ તરફ?'

વ્રજેન જરા ધીમું હસ્યો ને બોલ્યો, 'તું કઈ તરફ જાય છે?'

હીરેન હસીને બોલ્યો, 'મુલ્લાંની દોડ મસીદ ભણી-બીજે ક્યાં? વીરેનના ચોરા બાજુ. આવવું છે? કે પછી બીજે ક્યાંક મુલાકાત નક્કી થઈ ગઇ છે?'

પળવાર કંઈક વિચારી વ્રજેન બોલ્યો, 'ચાલ.'

ને બન્ને જણે ચાલવા માંડ્યું.

વીરેનનો ચોરો એટલે ગરીબ સાહિત્યકારોનું કાયમી સભાસ્થાન. ત્યાં માતા સરસ્વતી સાથેના લક્ષ્મીના ચિરંતન વિરોધની વાતો મોકળા મને ને ખુલ્લા દિલે ચર્ચાતી. જ્ઞાનગપતિયાં કે ઠાંકપિછોડો ત્યાં નહોતાં; અને વીરેનને પૈસે ચા, પાન, સીગરેટનો ધુમાડો કરવાનો આ સભાનો મૂળ ઉદ્દેશ હતો તે પણ કોઈ ગોપવતું નહિ. વીરેન આ જાણતો છતાં એના આતિથ્યમાં કદિ ફેર ન પડતો. એ પોતે સાહિત્યકાર ન હોવા છતાં સાહિત્યનો રસિયો ને સમજદાર માણસ હતો.

ચાલતાંચાલતાં હીરેન તરફ એક વક્ર દૃષ્ટિપાત કરી વ્રજેન બોલ્યો, 'હીરેન, તારું ખમીસ ધોબીને આપવાની જરૂર છે એમ નથી લાગતું?'

પોતાનાં કપડાં તરફ એક નજર નાખી હીરેને ઉત્તર આપ્યો, 'જરૂર તો લાગે છે પણ આપી નથી શકતો. એના કારણની તને ખબર છે. અર્થાભાવ એ કદાચ તું નહિ સમજી શકે, પણ એ વસ્તુ દુનિયામાં છે જ. ઘણા વખત સુધી મફત ધોઇ આપીને ધોબીએ હવે વિના પૈસે કપડાં નહિ ધોવાય એમ સંભળાવી દીધું છે. મારી સ્થિતિની તું કલ્પના કરી શકે છે?' કહી હીરેને વ્યંગથી વ્રજેન તરફ જોયું.

મોં ફેરવ્યા વિના જ વ્રજેન બોલ્યો, 'કલ્પના કરી શકું છું, પણ એમાં બિચારા ધોબીનો વાંક છે?'

'ના, વાંક તો મારો. બલ્કે મારા બાપાનો જ; કારણ કે એ મારે માટે પૂરતા પૈસા મૂકી નથી જઇ શક્યા. અને હું પણ નોકરી નથી કરતો હું તો સાહિત્યકાર રહ્યો. જો ક્યાંક મહેતાજી હોત તો કદાચ ઊજળાં દૂધ જેવાં કપડાં પહેરી શકત. પણ મારે આ વસ્ત્રોથી શરમાવાનું નથી, વ્રજ-લાટ.—શરમાવાનું તો ઉલટાનું તારે છે.'

'કેમ?' ભમ્મર તાણતાં વ્રજેને પૂછ્યું.

'તું બાપને પૈસે શોખ કરે છે, ને જે એમ નથી કરી શકતા એની ઠઠ્ઠા ઉડાવે છે. તારી પોતાની પ્રતિભાએ કમાણી કરીને મારા જેવા ચીંથરેહાલ સાહિત્યકારની ઠઠ્ઠા કરતો હોત તો તો કંઇક ઠીક પણ કહેવાત. પણ તું એવો હોત તો તો તારામાં આવી ઇચ્છા જાગત જ નહિ.'

જરા કંટાળીને વ્રજેન બોલ્યો, 'ભાઇ, વ્યંગ કે ઠઠ્ઠા-મશ્કરી હું કરતો જ નથી. પણ આપણે સાહિત્યકારોએ આત્મસન્માન માટે જરા જાગ્રત તો રહેવું જ જોઈએ.'

હીરેન એકાએક અટકીને ઊભો રહી ગયો ને બોલ્યો, 'તું માને

છે કે આત્મ-સન્માનનું ભાન તારા કરતાં મને ઓછું છે? એ તારી ભ્રમણા છે, ભ્રાન્તિ છે. તું જેને આત્મ-સન્માન માને છે એ વસ્તુતઃ તારી આર્થિક સદ્ધરતાનું અભિમાન જ છે.'

હીરેને ફરી ચાલવા માંડ્યું ને ફરી એ આગળ બોલવા લાગ્યો, 'પણ તું એ નહિ સમજી શકે વ્રજ-લાટ. તું શબ્દોના સાથિયા પૂરીને ભભકભરી વાર્તાઓ અને કમનીય કવિતા કરનારો. તારો વેપાર જ બધો પોકળ ને હવાઈ વાતો ઉપર છે. ભૂખ્યાંઓ જ્યાં મોં ફાડીને અનાજના કોળિયા તરફ તાકી રહ્યા છે, અભાવે જ્યાં માનવીમાંથી માનવતાને જ ભૂંસી નાખી છે ત્યાં તારી નજર નહિ પહોંચે, તારી કલમ એને નહિ સ્પર્શી શકે. અમે ગરીબ સાહિત્યકારો એ બાજુએ જ વધુ ધ્યાન આપીએ છીએ. એને જ મહત્ત્વ આપીએ છીએ. અને એથી જ અમારૂં આત્મ-સન્માન ફાટ્યા ખમીસે નથી ઘવાતું.'

'એ હશે. પણ મને તો લાગે છે કે આત્મ-સન્માન તો ગરીબ અમીર સહુને માટે એક જ ચીજ છે. ઉલટું ધનિક કરતાં ગરીબને આત્મસન્માનનું ભાન વધુ હોવું જરૂરી છે.'

આમ વાતો કરતાકરતા એ બંને જ્યારે વીરેનને ત્યાં પહોંચ્યા ત્યારે એમનું દલીલ-યુદ્ધ અત્યંત કટુતાએ પહોંચી ગયું હતું. વીરેનને ત્યાં પાટ ઉપર ચાર-પાંચ જુવાન સાહિત્યકારો બેઠા હતા. હીરેનને ઉત્તેજિત જોઈ એમાંના અન્નદા નામે એક જુવાને પૂછ્યું, 'કેમ રે હીરેન, તારો પારો આજ ચડ્યો કેમ લાગે છે? શી વાત છે?'

હીરેન બોલ્યો: 'વાત તો સાવ સાધારણ જ છે. આ વ્રજ-લાટને સમજાવવા મથતો હતો કે પેટન્ટ લેધરના જોડા અને આત્મસન્માન એક જ વસ્તુ નથી.'

અહીં આ ચોરામાં આવતા બધા જ વ્રજેનને ઓળખતા, ને મનોમન એના ઉપર ચીડાએલા પણ રહેતા જ. વ્રજેનના શૉખ, રસ ને વિચારથી માંડી એની બધી જ વાર્તામાં એમને થતો વિલાસિતાનો આભાસ એ સૌને વીંધતો. એમના જીવનની દૈન્ય-ચેતનાને એ પ્રકટ કરી મૂકતો, અને તેથી એ બધા પણ ટોણાં, ટોળ, ઠઠ્ઠાના ઝેરી શૂળાઓથી એને વીંધી તેનો બદલો લેતા. 'વ્રજ-લાટ' નામ પણ આ શૂળાવૃક્ષનું જ એક ફૂલ હતું.

'વ્રજલાટને એ સમજાવવાની મહેનત જ ન કરતો. જેને અન્ન-વસ્ત્રની ચિંતા જ નથી એવાઓનું આત્મસન્માન જોડાની સગતળીમાં જ સદા અટવાએલું રહે છે.' પ્રમોદ બોલ્યો.

કાળજીપૂર્વક પાટને એક ખૂણે બેસી વ્રજેને કહ્યું, 'પ્રમોદ, તારી 'ઈટઓલા' વાર્તા વાંચી. કેવું કચરાપટ્ટી લખે છે? થોડાક પાટીવાળા કે મજૂરોની અસહાય દુર્દશાની વાત લખ્યે શો લાભ થવાનો છે એ મને સમજાતું નથી બેશક, જો એમાણે એ દુઃખ-દૈન્યને દૂર કરી કઇ રીતે માથું ઊચું કર્યું એ તું બતાવી શક્યો હોત તો કંઈ કહેવાનું નહોતું. પણ માત્ર તેઓ નિર્બળ છે, પીડિત છે, અભાવને અંગે માનવતાપણ ખોઇ બેઠા છે એ વાતનો ઢોલ પીટ્યો કે શોર મચાવ્યે શો ફાયદો?'

પ્રમોદ ઊકળી ઊઠ્યો: 'ફાયદો? માનવીની વ્યથા અન્ય માનવીઓ પાસે પહોંચાડી શકાય છે. જેનામાં પ્રાણ જીવંત–જાગ્રત હોય તે સમજી શકે છે કે દેશનો કહેવાતો ભદ્ર સમાજ આ ગરીબોને કઇ રીતે કચડી રહ્યો છે.'

'પણ એમની આવી સ્થિતિ માટે એ ગરીબોની પોતાની કંઈ જ જવાબદારી નથી? એમનો પોતાનો કંઇ જ દોષ નથી?' વ્રજેને કહ્યું.

પ્રમોદ ગર્જ્યો: 'ના, ના, નથી. દોષ છે તારા જેવા વિલાસી શ્રીમંતોનો, જે પરિશ્રમ કંઈ જ કરતા નથી ને ગાદીએ બેઠાબેઠા એમનાં મોંમાંનો કોળિયો ઝૂંટવી લે છે.'

'મેં તો આજ સુધી કોઈના મોંનો કોળિયો ઝૂંટવ્યો નથી. ઊલટું એકાદ બે જણના મોંમાં કોળિયો પહોંચાડ્યો હશે ખરો!' વ્રજેન ધૈર્યપૂર્વક બોલ્યો.

અટ્ટહાસ્ય કરતો પ્રમોદ બોલ્યો: 'સાચું, તું દાતા કરણ ખરો ને! કોનો કોળિયો કોને મોંએ પહોંચાડ્યો છે એ કદિ વિચાર્યું છે ખરૂં?'

સ્મિત કરીને વ્રજેને ઉત્તર આપ્યો, 'હા, ખૂબખૂબ વિચારી જોયું છે. મારો જ કોળિયો મેં બીજાને મોંએ પહોંચાડ્યો છે.'

શાન્ત જ્ઞાનીની અદાથી અન્નદા બોલ્યો, 'વ્રજલાટ, જાણ્યા દુઃખ ગરીબોનાં, ગરીબ થાવું ઘટે' સમજ્યો. પૈસાના ઢગ પર બેઠાંબેઠા પૈસાની ગરમીથી એ દુઃખો ઓગળી જાય છે.'

'કદાચ એમ જ હશે. તમારી વાત પરથી લાગે છે કે તમે પૈસા ચીજને જ બહુ તિરસ્કારો છો.' વ્રજેને કહ્યું.

'હા, તિરસ્કારીએ જ છીએ. પૈસા તો અમારા હાથનો મેલ છે મેલ. હું તો મારી જાતને ગરીબ ગણાવવામાં ગર્વ અનુભવું છું.' પ્રમોદ તીવ્ર સાદે બોલ્યો.

'ગરીબ થવામાં કંઈ બહાદુરી છે?' વ્રજેને પૂછ્યું.

'હા, છે. દેશના સોએ નવાણું માણસોમાંનો હું યે એક છું, તે. અને એ જ મારો ગર્વ છે.' અન્નદાએ ઉત્તર આપ્યો.

એની તરફ ફરીને વ્રજેન બોલ્યો, 'હજુ થોડા દિવસ પહેલાં જ તમે કહેતા હતા ને કે તમે લોટરીની ટિકિટ લીધી છે; તો શા માટે એ ખરીદ કરો છો? માનો કે એક લાખ રૂપિયા તમને એમાં આવ્યા તો તમે એ પણ ગરીબો માટેના ફાળામાં આપી દેશો ને?'

અન્નદા તુરત કંઈ જવાબ આપી ન શક્યો. હીરેને એના વતી જવાબ વાળ્યો, 'અન્નદા શું કરશે ને શું નહિ કરે એ તું શું જાણે? ગરીબો માટેના ફાળામાં યે આપી દે. હું તો મારી વાત કહું. કે પૈસાને હું તિરસ્કારતો નથી, છતાં એને છાતી સરસી દાબી સાચવવા લાયક વસ્તુ પણ હું નથી માનતો.'

વ્રજેન બોલ્યો, 'એવું તો હું યે નથી માનતો. એટલા પૂરતા આપણે એકમત છીએ. પણ એ જ કારણે આપણી દરિદ્રતાને ઢોલ પીટીને જાહેર કરતા ફરવું એ તો મને અત્યંત શરમિંદું લાગે છે.'

અન્નદાની મૂગી થઇ ગએલી જીભ હવે પાછી ફરી હતી. એ બોલ્યો,



યાતના એ શું ઝેરની જાણે, ડસ્યો ના સર્પ કદી જેને.'

વ્રજેન બોલ્યો, 'વાહ અગ્રદા, સાચું કહેજો, તમે તમને પોતાને ક્ષુલ્લક ગણાવતાં જરા યે નથી અચકાતા શું? તમે જે આ દિ'રાત નાકમાંથી 'હું હીન દીન, હું નર્ક કીટ' ગણગણતા રોયા કરો છો ને જે ધૂળ જેવું રોતલ-ગાંદલું સાહિત્ય સર્જો છો એમાં તમને તમારા મનનું દારિદ્રય જ પ્રગટ થતું નથી લાગતું? આ બધામાં એક Inferiority complex લઘુતાભાવ નથી-જણાતો શું?'

અગ્રદા માથું ધુણાવી બોલ્યો, 'ના, નથી દેખાતો. અમે તારા જેવા Snob નથી. ને પછી વીરેન તરફ જોઇ, 'વીરેન, ચા મંગાવજે તો હવે—'

વ્રજેનની આંખો જાણે સળગી ઊઠી. વેધક સાદે એ બોલ્યો, 'આ રોજ સવાર-સાંજનું ધોરણ ઘાલી વીરેનનો બરડો ભાંગી ચા વગેરેનો ધુમાડો કરો છો ને છતાં યે તમે તમારી જાતને હીણાં-ઈન્ફીરિયર નથી લાગતા?'

સહુનાં મોં લાલચોળ બની ઊઠયા. વીરેન શરમાતો શરમાતો બોલ્યો, 'આ શું કહે છે વ્રજ-લાટ! મિત્રને ત્યાં . . . . શું ખોટું છે?'

'ખોટું ન ગણાત, જો આ લોકો માત્ર આ ચા પાન ને સિગરેટના લોભે જ અહીં ન આવતા હોત તો. આ માનસિક બેશરમ-હીનતાને જ હું ધિક્કારું છું.'

'અમે અહીં મુખ્યત્વે ચા પીવા જ આવીએ છીએ એ સહુ જાણે છે ને વીરેન પણ એથી અજાણ નથી, એટલે તારો ઘા નકામો ગયો છે, વ્રજલાટ અમને એ કયાં ય નથી વાગ્યો.'

વ્રજેન ઊઠીને ઊભો થયો ને બોલ્યો, 'અજબ છો તમે લોકો, કે આવો જબ્બર ઘા પણ તમને ઈજા નથી પહોંચાડી શકતો. આવી ચામડી લઇને તે તમે સાહિત્ય કઇ રીતે સર્જો છો?'

એ જ વખતે ચા આવી. વીરેન બોલ્યો, 'કેમ રે, ઊઠયાં કેમ વ્રજલાટ? જરા ચા તો પીતો જા.'

'ના, ભાઇ. હું જઈશ મારે થોડુંક કામ છે.'

એક ઘૂંટ ચા પી પ્રમોદ વ્યંગમાં બોલ્યો, 'આ Firpoની ચા નથી વ્રજલાટનું શરીર કદાચ આથી કથળી જાય.'

અગ્રદા વક્ર હાસ્ય હસતો બોલ્યો, 'વળી આત્મસન્માન ઘવાઈ જાય તો યે નવાઇ નહિ. પણ વ્રજલાટ, તારે તો એ ભય નથી. તું કયાં અમારી જેમ ઘરબારવિહોણો છે? લે ને એક કપ, તારું આત્મ-સન્માન તરડાઇ નહિ જાય.'

'ના, તમે પીઓ.' કહી વ્રજેન બહાર નીકળતો હતો ત્યાં બીજા બે ત્રણ નિત્ય આવનારા ચોરા-સભાસદ કલબલ કરતા પ્રવેશ્યા.

વિરાજ બોલ્યો, 'ગજબ થઇ ગયો, સનન સનસનાટી!

'રહ્યું ના દુ:ખ હવે તમને; સમજ્યા કે નહિ દોસ્તો?

'કવિ સમ્રાટ ખુદ આવે, હવે આનંદ આનંદો.'

'કવિ સમ્રાટના ભેજામાં કદિ યે આ બુદ્ધિનો ફણગો ન થાત, જો આ બંદા આમ દિ'રાત એની પાછળ આદુ ખાઇને ન પડયા હોત તો?' સુધીર બોલ્યો.

'પણ વાત શું છે એ તો કહો.' વીરેન બોલ્યો.

'વાત બીજી શું? મારી પેલી યોજના યાદ નથી? કવિને રાજી કર્યા. સમિતિ નક્કી થઈ ગઇ. ખુદ કવિને જ એના પ્રમુખ બનાવ્યા. ને બીજા યે ઘણા કસદાર માણસો છે. સમિતિનું નામ પાડયું છે 'વાણી બાંધવ સમિતિ'. નાનામોટા તમામ સાહિત્યકારો ને સાહિત્ય-વ્યવસાયીઓ પાસેથી ફાળો ઉઘરાવાશે. બીજે બહારથી જરા યે ફાળો નહિ ઉઘરાવાય. અને એ ફાળામાંથી મારા-તમારા જેવા સાહિત્યકારો—જેનું લખાણ સીધી રીતે કોઇ પ્રકાશકો નથી લેવા માગતા-તેઓઓનાં પુસ્તકો છાપીને પ્રગટ કરવામાં આવશે. આ જો અરજી-પત્ર અને નામની સૂચિ. શરૂઆત બસો ને એકનો એક ફાળો ખુદ કવિએ જ કરી છે.' સુધીર બોલ્યો.

'ને ફક્ત એટલું જ નહિ, સમિતિના બીજા ઉદ્દેશો પણ છે જ. કોઈ સાહિત્યકાર મુશીબતમાં મુકાય તો એની સ્થિતિ સમજી યોગ્ય આર્થિક મદદ પણ આપવામાં આવશે. ચાલો હવે સૌ પોતપોતાના ગજવામાંથી કંઇક કંઈક કાઢો તો. ફાળો ઉઘરાવવાની જવાબદારી મને સોંપાઇ છે.' વિરાજ બોલ્યો.

કવિના હસ્તાક્ષરોમાં લખાએલું અરજીપત્રક સૌએ લળીલળીને વાંચવું શરૂ કર્યું. એ પૂરું જોવાઇ જતાં નિરાંતનો એક મોટો શ્વાસ હેઠો મૂકી પ્રમોદ બોલ્યો, 'ચાલો, આખરે આટલે દિવસે પણ આપણ અનાથ શિશુઓ માટે કંઇક થયું ખરૂં. અરે વિકાસ! તારી પેલી નવલકથા, જે તું મને અવારનવાર વંચાવતો, તે બગલમાં મારીને હવે નીકળી પડજે.'

સુધીર બોલ્યો, 'એ તો ભવિષ્યની વાત થઈ. અત્યારે કોણકોણ કેટલું આપો છો એની વાત જ કરો ને! બોલ, વીરેન! તું શું આપે છે?'

'મારો એક રૂપિયો લખી લેજો.' વીરેન બોલ્યો.

'અગ્રદા, હવે તમે,-કેટલા?' સુધીર નોંધ કરતો બોલ્યો.

'હું તે વળી શું દઉં? અમે જ તો છીએ આ ફંડના બેનીફિશીઅરો. અમે તો લેશું.' અગ્રદા બોલ્યો.

વ્રજેનનું મોં ઘૃણાથી કરચલિયાળું બન્યું. એ બોલ્યો, 'લેશો? હાથ લંબાવતાં શરમાશો નહિ, અગ્રદા?'

'શા માટે દુ:ખ? શા માટે દૈન્ય? શા માટે લજ્જા? શા માટે ક્લેશ? સપ્તકોટિ . . . . . .' પ્રમોદ ગાવા લાગ્યો.

'મશ્કરી નહિ, રૂપિયા કાઢ. કવિને અમે કોલ આપી આવ્યા છીએ.' સુધીર બોલ્યો.

'સુધીર, હસાવ્યો તો તેં મને. હું વળી રૂપિયા કયાંથી કાઢું? હા, ખીસામાં થોડાક સોપારીના ટુકડા છે ખરા! એના કરતાં પૈસાનો આ કુતુબમિનાર ઊભો છે એને જ પકડ. એનો હાથ ખંખેરીશ તો યે ઢગલો, ખીસ્સામાં ઓછા દસ-વીસ રૂપિયા તો નીકળશે જ.'

વ્રજેન તરફ ફરી સુધીર બોલ્યો, 'વાહ, ત્યારે તું જ બોલ વ્રજ-લાટ, કેટલા આપે છે?'

વ્રજેનના મોં પર એક વક્ર હાસ્ય દેખાયું. એ બોલ્યો, 'મારે પણ આપવા પડશે. ઠીક, બે રૂપિયા લખી લેજો.'—ને ખિસ્સામાંથી પાકીટ કાઢતાં કાઢતાં એ બોલ્યો, 'દુર્દશાગ્રસ્ત સાહિત્યકારોને પોશીએ છીએ એ વિચારે જરાક આનંદ પણ થશે.'

પાકીટમાં દસ રૂપિયાની એક નોટ જ સિલિકે હતી. વ્રજેને એ સુધીરના હાથમાં ફેંકી. સુધીર બોલ્યો, 'છુટ્ટા રૂપિયા તો નથી. તમારી કોઇની પાસે છે? વીરેન, તું જરા અંદર જઇને આ નોટના છુટ્ટા લઈ આવ તો.'

'પ્રમોદ બોલી ઊઠયો, 'છુટ્ટાની પંચાત વળી શું કામ કરો છો? એ દસે દસ જમા કરી નાખો.'

સૌએ આનંદસાદ હાહા કરી હકાર પુરાવ્યો. પારકાના પૈસાનો સદ્વ્યય થતો નિહાળી કોને આનંદ ન થાય? વિશેષે કરીને વ્રજેન-ની આજની વાતે સૌને હૈયે બળતરા ઊઠી હતી. પ્રમોદ બોલ્યો, 'વ્રજ-લાટ, તું દસ રૂપિયાથી ઓછું આપીશ તો લોકો શું કહેશે? તારા કેશવી જાતભાઈનું અપમાન નહિ થાય? વળી આ તારા પોતાના પરિશ્રમના પૈસા છે કે તને મળે વળગે? આ તો વારસાગત. . .'

'તને બરાબર ખબર છે કે આ મારા વારસાગત પૈસા છે?' વ્રજેને પ્રમોદ તરફ ફરી વેધક કટાક્ષના સ્વરે પૂછ્યું.

'એ સિવાય બીજું કોઈ પણ શું શકે લાટ? સાહિત્યના—લેખનના ધંધામાં આવક કરી તું શેઠાઈ કરતો હો એમ નથી મનાતું.

પ્રજ્જન વધુ કંઈજ ન બોલ્યો. સુધીર સાનંદ બોલ્યો, 'તો દસ રૂપિયા જ જમા કરી લઉં છું પ્રજલાટના.'

પ્રજ્જન ભમ્મર તાણી થોડી વાર ઊભો રહ્યો, ને પછી 'વારુ ત્યારે હું જાઉં છું' કહી દરવાજા તરફ આગળ વધ્યો.

હીરેને એને સાદ પાડયો, 'ઊભો રહે પ્રજલાટ; હું યે આવું છું. હા, હા, હા, કંઈક તો આપવું જ પડશે ને! ઠીક, આઠ આના નોંધી લેજે, પણ અત્યારે કંઈ જ નહિ આપી શકું. તુરતમાં જ થોડાક રૂપિયા મળવા આશા છે......'

ને એ બંને નીકળી પડ્યા. પ્રજ્જનનું ઘર કાશીપુર તરફ છે એમ સૌ જાણતા, પણ આજસુધી કોઈએ એ જોયું નહોતું. જરા દૂર જઈ હીરેને પૂછ્યું, ઘેર જ જવું છે ને?'

'હા.'

'તો તમે તમારે બસ પકડો. હું તમને વધુ નહિ રોકી રાખું'

'ના, હું ચાલતો જ જઈશ. ચાલોને જ્યાં સુધી ભેગા જવાયું ત્યાં સુધી તો ભેગા જઈએ'

મૂંગેમૂંગા જરા વધુ આગે જતાં ઓચિન્તો હીરેન બોલ્યો, 'જો ભાઈ, તારી વાત આકરી હોવા છતાં યે સાચી છે, પણ શું કરે ભાઈ? નથી રહેવાતું. દાંત ભીંસીને દારિદ્રય સાંખવું સૌને માટે સહ્ય નથી હોતું. તું યે જો અમારા જેવી હાલતમાં હો—'

જે રેસ્ટોરાં પાસે તેઓ મળેલા ત્યાં આવતાં પ્રજ્જન ઊભો રહ્યો. એકવાર લથડિયું ખાઈ પોતાને સંભાળવા એ મથ્યો, ને પછી ઓચિન્તો ફૂટપાથ પર ચત્તોપાટ ઢળી પડ્યો!

રેસ્ટોરાંમાં માણસો હતા. સૌએ મળી પ્રજ્જનના મૂર્છિત દેહને ઉપાડીને અંદર એક બાંકડા પર સુવાડ્યો. હીરેન બેબાકળો બની ગયો. એ બોલ્યો, કંઈ જ ખબર નથી પડતી. એકાએક હિસ્ટીરિયાનો સપાટો આવ્યો કે શું? ઍમ્બ્યુલન્સને ખબર આપ્યા હોય તો સારું'

થોડી વારે ઍમ્બ્યુલન્સ આવતા પ્રજ્જનને એમાં સુવાડવામાં આવ્યો. હીરેન પણ સાથે ઑસ્પિટલે ગયો.

× × ×

ઑસ્પિટલના ડૉક્ટરોએ પ્રજ્જનની તપાસ પૂરી કરી હીરેન પાસે આવીને કહ્યું, 'તમારા મિત્ર છે કે? ના, હજુ યે એ ભાનમાં નથી આવ્યા. પણ તુરતમાં જ ભાનમાં આવશે એમ લાગે છે. જોતાં તો એ સારા સ્થિતિસંપન્ન ઘરના લાગ્યા, પણ નવાઈની વાત છે કે એમણે લગભગ મહિનો-માસથી ખાસ કંઈ ખાધું હોય એમ જણાતું નથી. શરીરના ટિશ્યૂઓ સુદ્ધાં સૂકાઈ ગયા છે' ... શી હકીકત છે? તમે કહી શકશો?'

રમણિક મેઘાણી

કૉલેજોનાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થિનીઓને

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબાઈ તરફથી 'ગુજરાતીઓનો ખોરાક અને તે સંબંધે સુધારા માટે અવકાશ' એ વિષય ઉપર એક નિબંધ ૩૦ થી ૩૫ ફૂલસ્કેપ કાગળના કદનો લખી તા. ૩૦-૬ ૪૫ સુધીમાં મંત્રીને સીલબંધ પોસ્ટથી, જે વર્ગમાં પોતે ભણતાં હોય તેની વિગત, સર્ટિફિકેટ અને પોતાનાં સરનામાં સાથે મોકલવા નિમંત્રણ છે.

વિદ્યાર્થીઓના નિબંધોમાંથી પસંદ થશે તેને રૂ. ૫૦) સુધીનું એક, તેમ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી પસંદ થશે તેને રૂ ૫૦) સુધીનું એક, એમ બે ઇનામો આપવામાં આવશે. વિગત માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે: મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી મંદિર, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કૉંગ્રેસ હાઉસ લેન મુંબાઈ (૪).

ઇતિહાસને કદમે કળા



સ્વ. મહાદેવ દેસાઈની સમાધિ
વૂડકટ: ધીરેન ગાંધી

ગુજરાતની આધુનિક કળા ઉપર ઘણીવાર આક્ષેપ થયા કરતો કે કળા કૃતિઓમાં માત્ર ભૂતકાળનાં ગૌરવ અને કથાઓને જ સ્થાન મળે છે. પરંતુ ગુજરાતનો કલાકાર આજે આમ જનતાનો જે સંપર્ક અને પ્રીતિ મેળવી શક્યો છે તેની બરોબરનું દૃષ્ટાંત હિંદના બીજા પ્રાંતોમાં જડશે ખરું?

આજના ભારતવર્ષનો ઇતિહાસ મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વ વિના માત્ર વર્ષોનું એક માળખું જ બની રહેત. ગાંધીજી રણજગમાં પ્રવેશ્યા તે દિવસથી માનવ-ઇતિહાસમાં ચમત્કાર દાખવતા અનેક અમર પ્રસંગોએ સાહિત્ય, કળા અને પત્રકારત્વને નવો રંગ આપ્યો છે. ગુજરાતના સદ્ભાગ્યે ગુજરાતના કલાકારો એમનું રાષ્ટ્રીય મહત્ત્વ પિછાની શક્યા છે. શ્રી કનુ દેસાઈએ દાંડીકૂચનો સાક્ષાત પરિચય કરી જે થોડાં ચિત્રો કર્યાં છે તે સિવાય એ મહાન પ્રસંગની કોઈ ચિત્રમાળા નથી. ફોટોગ્રાફો ઘણા હશે, પણ એ પ્રસંગનું હાર્દ ગૂંથી ઊર્મિદર્શન આપવામાં તો ચિત્રકારની કલમ જ આગળ રહી છે. અને ફરીવાર નવમી ઑગસ્ટનું સ્મરણ કરાવતો ઇતિહાસ તો એક મહાકથા થાય એટલો બધો જમા થઈ ગયો છે એ પ્રસંગનાં ભાઈ બબુનાં 'ગાંધી અભિનંદન ગ્રંથ'માંનાં ચિત્રો ઉલ્લેખપાત્ર છે કેટલી યે વાતો અને પ્રસંગોને તો આ જે છૂટથી આલેખવામાં પ્રકાશનના ધારાઓ રૂંધન કરી રહ્યા છે, પણ સત્ય અને અહિંસામાં રંગાયેલા ભાઈ ધીરેન્દ્ર ગાંધીએ યરવડાની જેલમાં જોયેલાં અદ્ભુત અને હૃદયદ્રાવક દૃશ્યોનું સ્મૃતિલેખન થોડાં વૂડકટમાં (કાષ્ઠ પાટી પર) કોરી કાઢ્યાં છે તે આજના ઇતિહાસનું અમરસ્મરણ બની રહેશે.



ભાઈ ધીરેન્દ્ર—ધીરુ—ગાંધી એક વખત ગુજરાત કલાસંઘમાં હતા અને એકનિષ્ઠ વિદ્યાર્થી તરીકે તેણે સુંદર છાપ પાડી હતી. હરિપુરા મહાસભામાં શ્રી નંદલાલ બોઝનો પરિચય થયો ત્યારથી શાન્તિનિકેતનમાં જઈ પુરાણે કલાસાધના પર્યાપ્ત કરવાનો તેણે સંકલ્પ કર્યો તે માટે ગાંધીજીની રજા લેવા ગયા ત્યારે તેમણે આશીર્વાદ

કલાકાર ધીરેન્દ્ર ગાંધી

આપી કહ્યું હતું કે એવો સંકલ્પ કરીને જા કે 'પૂર્ણ કલાકાર થાઉં ત્યારે જ પાછો આવું; નહિતર કાર્યમાં દેહ પાડીશ.' અને તેણે એવી જ અથાગ મહેનતે કલાની કેટલીક ક્રિયાઓ સિદ્ધ કરી છે.

તેના ભાઈ નવીન ગાંધી પણ કેમેરા વડે ગાંધીજીના જીવનપ્રસંગો ઝડપવા તપ કરી રહ્યા છે, અને આજે ગાંધીજીના જીવનનાં સુંદર ને વિરલ પ્રસંગોનાં ચિત્રો તેના સંગ્રહમાં છે. ઉપરાંત તે એક પ્રવીણ હસ્તશિલ્પી પણ છે અને અનેક કારીગરીઓ કરી જાણે છે.

ઉપર્યુક્ત વુડકટ ચિત્રોની ચિત્રાવલિ ભાઈ ધીરુ ગાંધીએ A Glimpse Into Gandhiji's Soul* નામથી શ્રી ગુરુદયાલ મલ્લિકની નાની સુંદર પ્રસ્તાવના સાથે બહાર પાડી છે, જેનાં છ યે ચિત્રો 'ગાંધીજીની હૃદયગુહામાં' તેમજ તેની સાથોસાથ જેલની દીવાલો પાછળ શું બનતું હતું તે જાણવા તથા સમજવાની એક નાની જ બારી બન્યાં છે.

તેનું પહેલું જ Waiting on God નામનું ગાંધીજીનું પ્રાર્થના સમયનું ચિત્ર હિંદના પ્રાચીન સંતોની ઋષિઓની ફરી યાદ આપે છે. વિશાળ વટવૃક્ષ નીચે કરાંજલિ કરી બેઠેલી ગાંધીજીની આકૃતિ બુદ્ધની તપસ્યામૂર્તિનો ખ્યાલ આપે છે. (જુઓ આ અંકની ચિત્ર-પ્લેટ). માત્ર કાળી ભૂમિ ઉપર થોડી સફેદ રેખાઓથી પ્રભાતનું પ્રસર વાતાવરણ ખડું થઈ જાય છે અને સર્વ પાત્રો પર છવાએલી શાન્તિ આપણા મન ઉપર ઊંડી અસર કરે છે. બીજા ચિત્રમાં સ્વ. મહાદેવ દેસાઈની સમાધિ આગળ ગાંધીજી અને કસ્તુરબા અંજલિ આપતાં ઊભાં છે. પહાડોના દૃશ્ય વચ્ચે, એક નાની ટેકરીમાં આવેલી આ ભાવભક્ત શિષ્યની ૐકાર-અંકિત સાદી સમાધિ એક દુઃખપૂર્ણ સ્મરણ જગાડે છે અને તેને એક ખૂણે બ્રિટિશ સલ્તનતની કરડાકીના પ્રતીક સમો ઊભેલો સંત્રી એ ચિત્રને વધુ કરુણ બનાવે છે. ત્રીજા ચિત્રમાં, ગાંધીજીના ઉપવાસ સમયના બિછાના પાસે એક બાળકનું આગમન આલેખ્યું છે. બાળકો પ્રત્યેનો ગાંધીજીનો પ્રેમ તેમના જીવનમાં સદા સુખની હવા ફેલાવે છે. એ સુપરિચિત હકીકતને આ પ્રસંગમાં સંગીન અંકિત કરી છે ચોથા ચિત્રમાં, બિછાનામાં પડ્યા પડ્યા ગાંધીજી 'હે રામ'ના ઉચ્ચાર કરતા પીઠ પાછળથી દેખાય છે અને એ ઉચ્ચારનો આંદોલનો ચિત્રને ભરી દે છે. પાંચમા ચિત્રમાં ઉપવાસથી દુર્બળ થઈ ગએલા ગાંધીજીના દેહનું સ્વરૂપ છે. એક આદર્શ

*International Book House Ltd., Bombay, Rs. 3-8-0.



ઉપવાસાન્ત પારણાં : વુડકટ : ધીરેન ગાંધી

માન્યતા પાછળ લોહીનું પ્રત્યેક બિંદુ અર્પીને કેવળ અસ્થિમાળખા જેવા બની રહેલા એ દેહમાં જાણે ભગવાન બુદ્ધની તપસ્યા પ્રજ્વલી રહેલી જણાય છે. બિછાનામાં પડેલા એ દેહની સેવાનો અધિકાર સ્વ. કસ્તુરબાએ જ પોતાને હાથ રાખ્યો હતો; અને આ ચિત્રમાળાના છેલ્લા ચિત્રમાં એ પ્રેમળ સાધ્વી ગાંધીજીને પેયનું પાત્ર આપતાં જે આલેખ્યાં છે તેમાં એમના જીવનની નિષ્ઠા ને પતિભક્તિનું સુંદરતમ દર્શન કલાકારે કરાવ્યું છે. આસપાસનાં પાત્રોને માત્ર તેમનાં આળખાણ પૂરતી સાદી રેખા વડે જ મૌન રાખીને કલાકારે ઘણું ઔચિત્ય જાળવ્યું છે.

આ સુંદર ચિત્રગુચ્છ બાળકોનાં ઘરોને સંસ્કાર અને પાવિત્ર્યનું વાતાવરણ આપશે.

ર. મ. ર.

કસોટીના ઉત્તરો

(૧) હરેકે ૨⅔ એટલે કે ૨⅔ ભાખરી ખાધેલી. ત્રીજાએ પણ ૨⅔ ખાધી જ. હવે બીજાએ પોતાની ૩ ભાખરીમાંથી ૨⅔ ખાતાં તેને માત્ર ⅓ આપી દેવી પડેલી. અને પહેલાએ પોતાની પાંચમાંથી ૨⅔ ખાતાં ૨⅓ એટલે કે ⅞ આપી દેવી પડેલી. એટલે એ ⅞ અને ⅓નું પ્રમાણ વહેંચતાં પહેલાને ૭ આના ને બીજાને માત્ર ૧ આનો મળે (૨) ચિત્ર સાથે આપેલા નંબરોમાંથી ૧થી શરૂ કરીને આ મુજબનાં બિંદુઓને યોગ્ય વળાંકથી જોડો: ૧,૫,૬; ૬,૪,૨; ૨,૩,૭; ૭,૪,૧. (૩) વસતિગણત્રી કેટલાં નંગ, આગર તેથી ચારથી જોડી (૪) $\frac{૬૪}{૬૯}$ એટલે કે $\frac{૬૪}{૬૯}$ રૂ. + $\frac{૬૪}{૬૯}$ આ. + $\frac{૬૪}{૬૯}$ પા. = ૧ રૂ. (૫) સંયુક્ત રાજ્યો શરૂ થયાં ત્યારે પહેલાં તેમાં ૧૩ રાજ્યો જોડાએલાં તેના સૂચક ૧૩ પટ્ટા, અને આજે ૪૮ રાજ્યો છે તેના ૪૮ તારક. (૬) જર્મન ભાષામાં એને Untersee Boat કહે છે—તેનું ટૂંકું U-Boat.

સાચો બ્રાહ્મણ

મૂળ લેખક-રવીન્દ્રનાથ ઠાકુર

અંધારી વનની છાયામાં સરસ્વતીને તીરે સંધ્યાનો સૂર્ય આથમી ગયો છે; નિઃસ્તબ્ધ આશ્રમમાં ઋષિપુત્રોનાં ટોળાં માથે સમિધ-ભાર લઈને વનમાંથી આવે છે. સાથેસાથે તપોવનના મેદાનમાંથી સ્નિગ્ધ શાંત આંખો-વાળી થાકેલી ગાયોને પણ હાંકી લાવે છે.

સંધ્યાસ્નાન પતાવીને કુટિરના આંગણામાં હોમાગ્નિના તેજમાં ગુરુ ગૌતમને વીંટીને સૌ યે આસન જમાવ્યાં. શૂન્ય એવા અનંત આકાશમાં ધ્યાનમગ્ન મહાશાન્તિ દેખાતી હતી. નક્ષત્રમંડળોની હારો મૂંગા શિષ્યોની જેમ સ્તબ્ધ કુતૂહલમાં બેઠી હતી. એકાંત આશ્રમ ત્યાં ચકિત થઈ ગયો. મહર્ષિ ગૌતમે કહ્યું, 'વત્સગણ, હવે બ્રહ્મવિદ્યા કહું તે સાંભળો.'

એ વેળા અર્ધ્ય હાથમાં ધરીને આંગણા-માં એક કિશોર બાળક પેઠો; ઋષિના ચરણ કમળે નમન કરીને, ફળ ફૂલથી વંદીને, ભક્તિ-ભાવથી લળીને, કોકિલ કંઠે સુધાસ્નિગ્ધ સ્વરે બોલ્યો, 'ભગવન્, બ્રહ્મવિદ્યા શીખવાનો અભિલાષ ધરીને દીક્ષા લેવા આવ્યો છું. કુરુ-ક્ષેત્રવાસી મારું નામ સત્યકામ છે.'

સ્મિત મુખે સાંભળીને બ્રહ્મર્ષિએ સ્નેહ-શાંત વાણી ઉચ્ચારી: 'કુશળ હો સૌમ્ય! તારું ગોત્ર શું? વત્સ, કેવળ બ્રાહ્મણને જ બ્રહ્મવિદ્યાનો અધિકાર છે.'

બાળક ધીમેથી કહે, 'ભગવન્, ગોત્રની તો મને ખબર નથી. અનુમતિ આપો તો જનની-ને પૂછી આવીને કહી જાઉં.' એમ કહી ઋષિ પદે પ્રણમીને સત્યકામ ચાલી નીકળ્યો. ઘન અંધકારભર્યાં વનમાંથી પસાર થઈને, ક્ષીણ સ્વચ્છ શાંત સરસ્વતીને પાર કરી, રેતીને કાંઠે નિદ્રિતમૌન ગામડાંને છેડે જનની કુટિરે આવ્યો.

સાંધ્યદીપનું તેજ હતું. જનની જબાલા પુત્ર-પથ પર મીટ માંડીને ઊભી હતી. તેને જોઈ, છાતી સરસો લઈ, માથું સૂંઘી કલ્યાણકુશળ પૂછ્યાં. સત્યકામે પૂછ્યું, 'હે મા, મારો કયા વંશમાં જન્મ? મારા પિતાનું નામ શું? ગૌતમ પાસે દીક્ષા લેવા ગયો ત્યારે ગુરુએ કહ્યું, કેવળ બ્રાહ્મણો જ બ્રહ્મવિદ્યાના અધિકારી છે. માતા, મારું ગોત્ર કહે.'

વાત સાંભળીને અવનત મુખે મૃદુ કંઠે મા બોલી: 'યૌવનકાળમાં દારિદ્ર્યથી દુઃખી થઈ-ને ખૂબ સેવાચાકરી કરીકરી તને મેળવ્યો છે. ભર્તૃહીન જબાલાની કૂખે તું જન્મ્યો છે, બાપુ, તારું ગોત્ર હું યે નથી જાણતી.'

બીજે દિવસે તપોવનના વૃક્ષો પર નવું જ પ્રસન્ન પ્રભાત જાગી ઊઠ્યું.

તરુણ કિરણો જેવાં તાપસ બાળકો પ્રાતઃ-સ્નાન પછી ભીના કેશ સહિત, સૌમ્યમૂર્તિ સમુજ્જ્વલ દેહધારી ગૌતમને વીંટળાઈ વડની છાયામાં બેઠા.



કોયલના ગાન, ભ્રમરના ગુંજન ને પાણી વહેવાના ખળ-ખળ અવાજની સાથે ગંભીર, મધુર તરુણ કંઠોમાંથી નીકળતા શાન્ત સામગીતનો સૂર, એ બધાં એકતાન બનતાં હતાં.

એ વેળા સત્યકામે આવી ઋષિપદે પ્રણામ કર્યાં. શાંત ઉદાર આંખો માંડી આચાર્યે આશીર્વાદ આપી પૂછ્યું, 'હે પ્રિયદર્શન કયું ગોત્ર તારું?'

માથું ઢાળી બાળકે કહ્યું, 'ભગવન્, મારું ગોત્ર હું જાણતો નથી. જનનીને પૂછતાં તેણે કહ્યું, 'સત્યકામ, યૌવન-કાળમાં દારિદ્ર્યથી દુઃખી થઈ, ખૂબ સેવાચાકરી કરીકરી તને મેળવ્યો છે. ભર્તૃહીન જબાલાની કૂખે તું જન્મ્યો છે, બાપુ, તારું ગોત્ર હું યે નથી જાણતી.'

આ વાત સાંભળીને છાત્રગણમાં ધીમા અવાજે, મધપૂડામાં ઢેફું ફેંકાતાં જેમ મધમાખો ચંચળ થઈ ઊડે તેમ, ગણગણાટ શરૂ થયો. વિસ્મયથી વ્યાકુળ થઈ, કેટલા શરમહીણા અનાર્યના અહંકારને કોઈ હસવા લાગ્યા તો કોઈ ધિક્કારવા લાગ્યા.



આસન છોડીને ગૌતમ ઋષિ ઊઠ્યા અને બાળકને હાથમાં લઈ આલિંગીને કહેવા લાગ્યા, 'આવ, આવ, તું અબ્રાહ્મણ નથી, બાપ: તું તો દ્વિજોત્તમ છો, તું તો સત્યકુલવંશી છો.'

('ચિત્રા'માંથી) **વિનોદ કોઠારી**



જાણીતો અમેરિકન હાસ્યકાર માર્ક ટ્વેન પ્રવાસ વ્યાખ્યાનો આપતો ફરતો હતો ત્યારે એક ગામમાં ભાષણના સમય પહેલાં એ હજામત કરાવવા ગયો. હજામે તેને પૂછ્યું, 'તમે આ ગામમાં નવા આવેલા લાગો છો.'

'હા, હું આજે પહેલી વાર અહીં આવું છું.'

'કેવા ભાગ્યશાળી! આજે જ માર્ક ટ્વેનનું અહીં ભાષણ છે. તમે જવાના ને?'

'હા, વિચાર તો છે.'

'પણ તમે બેઠકની ટિકિટ લીધી છે?'

'ના, હજી નથી લીધી.'

'તો, ટિકિટો તો બધી વેચાઈ ગઈ છે. તમારે હવે ઊભા રહેવું પડશે.'

'કેવી કમબખ્તી!' માર્ક ટ્વેને નિશ્વાસ નાખીને ઠાવકે મોઢે કહ્યું, 'રોજ આમ જ બને છે! જ્યારે જ્યારે એ ભાષણ કરતો હોય છે ત્યારે ત્યારે મારે ઊભા જ રહેવાનું હોય છે!'

પશ્ચિમ ખાનદેશના ભીલો

એક આદિવાસી સંસ્કૃતિની આ હકીકત

તેમની ભાષા, મસ્તિષ્કમાપન અને રક્તરચનાની તપાસ માટે એક સંશોધન-મંડળ (નેતા: ડૉ. મજુમદાર, લખનૌ યુનિવર્સિટી; ગુજરાત સંશોધન મંડળના પ્રતિનિધિ: ડૉ. દવે, ગુજરાત કૉલેજ) એ પ્રદેશમાં ૧૯૪૪ની નાતાલમાં ગયું હતું ત્યારે, ગુજરાત સંશોધન મંડળના સ્કાલર તરીકે સાથે જવાનો લેખકને લાભ મળતાં, ભેગી કરેલી છે તેના એકેએક પેટામથાળામાં તે તે વિષયની અત્યંત રસમય અને જિજ્ઞાસાપ્રેરક સામગ્રી ભરેલી છે.

આ તરફના મેદાનના ભીલો ખૂબ જ રમણીય પ્રદેશમાં વસે છે. ઉત્તર તરફ માત્ર બે મ ઈલ ઉપર સાતપુડાની હદ આવી રહેલી છે. જાણે નથી કોઈનું કે ઉત્તર બાજુથી અંદર કોઈ આગળ આવી શકે. થોડે છેટેથી તો એ લાંબી દીવાલ જેવી જ લાગે છે. બ.બા કુંવર અને તુરણમાલ એ એનાં ઊંચાં શિખરો છે. ચાંદની રાતે એ પહાડો કોઈ સ્વપ્ન-ઘેલા કવિ જેવા લાગે છે; અને બપોરના વખતે ય ધુમ્મસને પોતા ઉપર રાખી રહેતા એ પહાડો કોઈ નજરમાન વ્યક્તિની યાદ અપાવે છે. સાતપુડાની અંદર પણ ચઢગાંવ વગેરે ભીલી ગામો આવેલાં છે. કાઠી, અકરાણી વગેરે પણ સાતપુડામાં જ છે. આ સિવાય ખાનદેશમાં બીજી ઘણી ટેકરમાળાઓ છે.

નદીઓમાં તાપી મુખ્ય છે. દક્ષિણ કાંઠેથી ઉત્તર તરફ જતાં તાપીને સામે કાંઠે બાંધેલા કોટ દેખાય, કોઈ વાંકુંચૂંકું ગામ દેખાય અથવા દૂરના પહાડો દેખાય. નદી પાર કરનારી અહીંની હોડીઓ પણ ખૂબ જ મજાની લાગે; અને આ જ તાપી સુરતમાં વહે છે એ યાદ આવતાં ખૂબ આનંદ આવે છે. પાંઝરા, ગીર્ણા વગેરે બીજી ઘણી નદીઓ છે. ઝરણાંઓ પણ ઘણાં છે; પરંતુ ઉનાળામાં એ સુકાઈ જતાં ભીલોને પાણીની ઘણી આપદા રહે છે.

ભીલો સિવાય આ ગામોમાં જુદીજુદી જાતના લોકો રહે છે. મુસલમાનો હજી ય અત્તર વેચીને મહેમાનોનું સ્વાગત કરતા દેખાય છે; મારવાડીની છાપ જંગલમાં ય એટલી જ ખોડી રહી છે; મકરાણીઓ મકરાનથી અહીં આવી પોતાની અસલ તાકાત ગુમાવી બેઠા છે; મરાઠીભાષી શાહુઓ શાંતિથી ખેતી કરે છે; અને ગુજરાતી વાણિયા ઘણા વખતથી આ પ્રદેશમાં રહી પોતાની બોલી બગાડી બેઠા છે.

ભીલોનાં ગામો યે ઘણાં છે. ચઢગાંવ ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. રોમાંચક રસ્તાઓ પસાર કર્યા પછી એ આવે છે. અહીં સરકારી મકાનો છે. કુકરમુંડા તાપી કિનારે એના હાટ માટે ભીલોને ગમી ગયું છે. અક્કલકુવા સાતપુડાની તળેટીમાં સાગબારાના રાજાના નવું હજાર રૂપિયાના બનેલો ધરાવે છે. તળોદા તો ઘણું જૂનું છે. અહીં ભીલોની મોટી વસતિ છે. નામદાર ગવર્નરની છેલ્લી મુસાફરી વખતે અહીં ઘણા ભીલો એકઠા થયા હતા. એ નંદરબારથી પંદર-વીસ માઈલ દૂર છે અને મોટું સરકારી થાણું છે.



ઇતિહાસ

ખાનદેશના પુરાણા ઇતિહાસોમાં ભીલોનો ઉલ્લેખ લાગતો નથી, એટલે એમ માની શકાય કે ગુજરાત-માળવા રજપૂતોએ અને પછીથી મુસલમાનોએ જીત્યાં ત્યારે એમને તે પ્રદેશોમાંથી હાંકી કાઢ્યા હશે. મોગલોના વખતમાં એ લોકો શાંતિથી રહેતા હતા; અને આઇને અકબરીમાં ભીલી આજ્ઞાધીનતા અને કરાંઠતા ખૂબ વખાણવામાં આવી છે. ૧૮મા સદીમાં સુલતાની બદલાઈ, મરાઠાઓ આવ્યા અને ભીલોએ પોતાની આઝાદી પોકારી. મરાઠાઓ એમને જેર ન કરી શક્યા, એટલે જુલ્મોસીતમ એમના ઉપર વરસાવવા માંડ્યા. નાકમાં કાણાં પાડવાં, તોપને મોંએ ઉડાવી મૂકવા, કાન કાપી નાખવા, ઊંચાઊંચી ટેકરીઓ ઉપરથી ગબડાવી મૂકવા, આવી સજાઓ એમને સાધારણ થઈ પડી. અંગ્રેજોની સામે પણ ઈ. ૧૮૦૦થી એમણે માથું ઊંચક્યું. કૅપ્ટન બ્રિગ્સે કુકરમુંડાથી બુરહાનપુર સુધીના અસંતોષથી ધૂંધવાયલા ભીલોને દબાવવાનો ઇ. ૧૮૧૮માં પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ. વર્ષો સુધી ભીલોના અંગ્રેજો સામે થવાના પ્રયત્નો ચાલુ જ રહ્યા, ને ૧૮૨૮ સુધીમાં તો એટલા બધા બળવાઓ થયા કે ખાનદેશના કલેક્ટરે એ સાલમાં કહ્યું: 'આજે ૨૦ વર્ષે માંડ આ છ મહીના અખંડ શાંતિના ગયા છે!'

આ પહેલાં ૧૮૨૫માં મિ. એલ્ફિન્સ્ટને ભીલોને જુદી દિશા બતાવી. જમીન આપી એમને ખેતીમાં દાખલ કર્યા અને ભીલ લશ્કરી ટુકડી ઊભી કરી જનરલ આઉટ્રામના બૉડીગાર્ડ તરીકે પહેલાં તો માત્ર સાત જણ ભરતી થયા. સાતના સાઠ થયા અને ૧૮૩૦માં તો આ ભીલ લશ્કરે ડાંગ દેશ જીતી દીધો. ૧૮૫૭ સુધી ક્યાંકક્યાંક બળવાઓ થતા રહ્યા. પોતીકા કારભારમાં પારકા માથું ન મારે એ જ એમની ઈચ્છા હતી. ૧૮૪૬માં આ જ કારણને લઈ કુંવર જીવા વસાવો સરકાર સામે થઈ ગયો. ખૂનખાર લડાઈ ચાલી, પણ અંતે અધિક બળ આગળ નમવું પડ્યું અને ૧૦ વર્ષની સજા થઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધમાં ય એમનો ફાળો ઓછો ન હતો. ભાગોજી નાયક અહમદનગરમાં ને કાજરસીંગ સાતપુડામાં સરકાર સામે બાઝ્યા; ઇંદોરથી મુંબઈ જતો ખજાનો લૂંટાયો; તાત્યા ટોપેના આવવાથી એમનામાં વધુ હિંમત આવ્યું અને લગભગ બે વર્ષ સુધી ટક્કર ઝીલી રહ્યા. છેવટે જેમતેમ દબાયા. ત્યાર પછીનો એમનો ઇતિહાસ શાંતિમય છે: ધીમેધીમે એ પ્રજા ખેતીજીવી બની ગઈ છે.

મનુષ્યમાપન વિદ્યા દ્વારા

ભીલો શરીરે કદાવર અને અદેખાઈ આવે એવી છાતી ધરાવનારા હોય છે. મથવાસી ભીલો માથે મોટા વાળ રાખે છે. ઊંચાઈ પણ એમની સાધારણરીતે ૫ ફૂટ ૮ ઇંચ જેટલી હશે. નાકની લંબાઈ ૫૪ મિલિમીટર જેટલી માપી આવે છે. રંગ પણ ઘણી વખત ઊઘડતો

હોય છે. આ બધું બતાવે છે કે તેઓ પ્રોટો-ઑસ્ટ્રૉલૉઇડ ન હોય. બીજી વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે એમનામાં માનુષ્યમાપન વિદ્યાની દૃષ્ટિએ અમુકઅમુક સમુદાયો જુદા જ પડી આવે છે. દૂબળા તરીકે મથવારી અને મેદાનના ભીલો એકબીજાથી ખૂબ જ જુદા છે. આ ઉપરથી એ સંભવિત હોઇ શકે કે ભીલ એ એક જ જાતિ-સમુદાય નથી; પણ ઘણા જાતિસમુદાયોને આપી દેવામાં આવેલું એક વિશેષ સંજ્ઞાવાચક નામ છે.

ભીલ સ્ત્રીઓ પણ આદીની સુંદર હોય છે. રંગે ઊજળી, અંગે ભરાઉ અને બોલવેચાલવે મીઠા લાજુક. આ સ્ત્રીઓને એમનાં ખાનદેશી ઘનરંગી વસ્ત્રોમાં કે ઉઘાડે શરીરે બજારમાં જુઓ તો પ્રસન્ન થઈ જાઓ.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ

માનસશાસ્ત્રની દૃષ્ટિએ તો ઘણી પ્રજાનો અભ્યાસ થયો નથી, તો ભીલોનું તો પૂછવું જ શું? છતાં ય આપણા અનુભવ ઉપરથી એમનાં કેટલાંક લક્ષણો આપણે કહી શકીએ. નવું શીખી લેવાની એમનામાં ગ્રહણશક્તિ છે. સોમાવલ ગામનો ભીલ પટેલ આજે તદ્દન નવી ઢબથી ખેતી કરે છે. આપણા પ્રશ્નોના જવાબ એઓ શાંતિથી, ઘણી વખત સ્મિતનો ઉમેરો કરીને આપે છે. એમની રાતો ને રાતો નાચવામાં જતી જોઈ આપણને એમની રસવૃત્તિની તીક્ષ્ણતાનો ખ્યાલ આવે. એઓ હેતાળ, કપટ વગરના ને રસિક પણ છે. એમનામાં વ્યક્તિભક્તિ ખૂબ છે. એમના માયાળુ ઑફિસર મિ. મસુદને એઓ મસુદ મા'રાજ કહે છે; અને ગાય છે—શો તે વખતનો એમનો ઉમળકો:

જરા-સી સીટી બજા દે
મસુદ કી મોટર આતી હૈ
મસુદ કી મોટર આતી હૈ
હજારો દુનિયા ઝુકતી હૈ!

એમના નાચની પેઠે એઓ શાંતિપ્રિય, જમીનની પેઠે માયાળુ અને પાસેના પહાડોના જેવા એકલા પણ નક્કર!

નૃવિદ્યાની નજરે

એમનો આટલો ખ્યાલ આવી ગયા કેડે આપણે એમના થોડા રીત-રિવાજો જોઇએ. બાળકના જન્મ વખતે દાયણ રાખવામાં આવે છે. પ્રસૂતાને દાયણ સિવાય કોઈ અડકતું નથી. પાંચમે દિવસે બાઇ બહાર નીકળે છે. હળદરના સાથિયા પૂરે છે; વચમાં દીવો, પાંચ કાંકરા અને કોપરું મૂકે છે. ઉપર હળદર અને બાજરીનો લોટ છાંટે છે. મહેમાનો મા-બાળક ઉપર થોડા દાણા નાખે છે. પછી મહેમાનોને જમણ આપે છે. પાંચ દિવસ પછી સ્ત્રીને જાતે રાંધી ખાવું પડે છે. બારમે દિવસે બાર રોટલા લઇને ગીતો ગાતી બાઇઓ સાથે નવી મા ગામ છેડના ઝરણાએ જલદેવતાની પૂજા કરવા જાય છે. ઘેર ગયા પછી બધાંનું સહભોજન થાય છે. નામ ગમે તે પાડે છે.

છોકરીનો બાપ લાયક ઘરને છોકરી આપવા માટે ઠકોરી જુએ છે. તૈયાર થાય તો કાનની વાત મુકાય છે. આ વાતની કબૂલાત થાય તો છોકરાનાં સગાં ભાવિ વેવાઈ-ઘરે આવે, છોકરીને પોતા વચ્ચે બેસાડે અને તેને મિઠાઇ આપે. ત્યાર કેડે જમણ, અને પછી પીવાનો દિવસ નક્કી થાય. તે દિવસે વર, વરનો બાપ અને સગાંઓ ચોળી, લુગડું અને મિઠાઈ લઈ છોકરી-ઘરે જાય છે. પંચ સમક્ષ કન્યા-પિતા કન્યા કબૂલે છે એટલે વર-બાપ મિઠાઈ વહેંચે છે. સોહાગણ સ્ત્રી કન્યાની ભમરે જરા-શું સિંદુર લગાડે છે, ને મિઠાઇ આપી મીઠું જીવન ઈચ્છે છે. પછી મદ્યપાન. દેજનો દિવસ નક્કી કરાયો હોય ત્યારે દેજ અપાય.

ત્યાર પછી પીઠી ચોળવાનો દિવસ આવે. વરને પીઠી ચોળવામાં આવે તેમાંની થોડી કન્યાને ઘેર મોકલાય છે. પંદર દિવસ સુધી બંને પીળાંપીળાં! દરમ્યાન માંડવા રોપાય અને લગ્નને દિવસે કન્યાને ત્યાં ચૉરી થપાય. લગ્નને દિવસે ઘોડે ચડી, બાશિંગ બાંધી, સગાંના સાથમાં અને તૂરઢોલકની ધાંધલ વચ્ચે વર ત્રણ કલાક વહેલો સસરા-ગામે આવી પહોંચે છે. મારુતિના દેવળે વરની બેન ભાઇને પગે પડાવે છે અને એને કાજળનાં ટપકાં કરે છે: દૂર રહે બલા ભાઇથી. સાંજ પડ્યે સસરા ઘરે જવા સાજન નીકળે છે. રસ્તે કાંદા-કાંકરાથી વરને કન્યાપક્ષના લડવૈયાઓ (!) મારે છે. માંડવા પાસે આવે એટલે એના ઉપરથી નાળિયેર ઉતારીને ફોડી નાખવામાં આવે છે. ઘોડેથી ઊતરે તે પહેલાં વર સાત પૂર્ણઘટધારિણીઓના ઘડામાં પૈસા નાખે છે. થોડીવારમાં કન્યા પધરાવાય છે. વરકન્યા આખો વખત સગાંની કેડે જ બેસે છે! હસ્તમેળાપ અને ગોરના મંત્રોચ્ચાર પછી થોડી વારમાં થાળીઓ ઠોકાય છે, એટલે લગ્ન પૂરાં થયાં ગણાય છે. પછી બંનેને હાથે પીળા દોરા બંધાય, બંને એકબીજાને જમાડે અને અન્ય સ્નેહીઓ જમે, નાચે. પાવરા ભીલો વરકન્યાને કેડે બેસાડી નાચે છે. બીજે દિવસે વધૂવરનું સ્નાન. પછી કન્યાના ખોળામાં બાપ ઘઉં, ચોખા, બદામ વગેરે ભરે છે. કન્યા-ઘરે જઇ, તેલ ચોળી બંનેને નવડાવી, બને તો વહુને બંગડીઓ અપાય છે. અહીં વરવહુની સ-નર્મ, સ-રસ રમતો રમાય છે: એકબીજાનાં કપડાંમાં ભરાવેલી સોપારી શોધવાની અથવા પરસ્પરના મોંમાંથી પાન કે કોપરું ખેંચી લેવાની. પછીથી વર-ઘર પ્રસ્થાન. ભીલોમાં બહુપત્નીત્વનો રિવાજ છે. વિધવાઓ પરણી શકે છે; અને મનોમન મળ્યાં હોય એવાં જુવાનિયાં કોઈના ય વિરોધનિરોધ વગર પરણી જાય છે.

ભીલ મરણાસન્ન હોય કે એક પાણીનો ઘડો બારણા પાસે મૂકવામાં આવે છે અને એને ભોંય ઉપર સુવાડી દે છે. જીવ નીકળ્યા બાદ એને નવાં કપડાં પહેરાવી એને મોંએ ગુલાલ છાંટે છે. શબને ખાટલી ઉપર મૂકવામાં આવે છે. સ્નેહીઓએ ઊંચકેલી ઠાઠડી પાછળ દીકરા જાય છે. અર્ધે રસ્તે ઠાઠડીને જરા નીચી કરી, બાજુના ઝાડ નજીક રાંધ્યું અનાજ મૂકી, ઠાઠડી ઊંચકનારાઓ જગ્યા બદલે છે. સ્મશાને જઇ ખાડો ખોદી દક્ષિણમાં માથું રાખી અંદર શબને સુવાડવામાં આવે છે. એના મોંમાં રાંધેલું અનાજ મૂકવામાં આવે છે. માટી ઢાંક્યા પછી ઘડામાંથી ફરતે પાણી છાંટી ઘડો ફોડી નાખવામાં આવે છે. ઠાઠડી ઊંધી કરી બાળી નાખવાની. નજીકની નદીમાં નાહી ડાઘુઓ એના ઘરે અગ્નિ સળગાવી અંદર લીમડો અથવા સ્ત્રીઓના વાળ નાખી એનો ધુમાડો હથેલીએ લઇ મોંએ અડાડે છે. હેતુ: શુદ્ધિ. પછી મદ્યપાન થાય છે અને ત્યાર બાદ સૌસૌને ઘેર. રડતા ઘરની એકાદ સ્ત્રી ત્રીજે દિવસે ઠાઠડી ઊંચકનારાઓને ખભે તેલ, દૂધ ને ગૌછાણ લગાડે છે. પછી એઓ નાહી લે અને જમે. અગિયારમે દિવસે અગ્રશોકી દાઢી વગેરે મુંડાવે છે અને ગાયની એક મૂર્તિ બનાવી તેને સિંદુર ચડાવી પગે લાગી જલમાં પધરાવે છે. ૧૨મે અથવા ૪૫મે દિવસે કુંભાર આવીને સાત પગથિયાંની દોરડાની નીસરણી એ ઘેર બાંધે છે. આશય: મૃતાત્માનું સ્વર્ગારોહણ. ભટના પુરાણ-મંત્ર-પઠન પછી નીસરણીના નીચેના છેડાને બાળી મૂકી નીસરણી ખેંચી લેવામાં આવે છે. ટોપલે ઢાંકી આ દિવસે પાણીના ઘડા પાસે એક દીવો કરવામાં આવે છે ને મોટું જમણ રાખેલું હોય છે. એમાંથી જમતાં પહેલાં પાંચ કોળિયા ઘડા પાસે બાળવામાં આવે છે. સ્ત્રીની મરણક્રિયા પણ આવી જ. છોકરું મરે તો બાપ જઇને દાટી આવે છે ને સાતમે દિવસે નાનું સરખું જમણ આપે છે.

પાવરા ભીલો તો મરનારની બધી વસ્તુઓ પણ બાળી કે દાટી દે છે.

દીવાળીમાં દીવા કરે છે; હોળી ઉપર ચારપાંચ દિવસ સુધી નાચે છે; ને નવું ધાન્ય પાકે ત્યારે 'નવો' કરે છે. એ દિવસ તો મોટા ઉત્સવ સરખો. ઘરની દીકરીબહેનોને સાસરેથી બોલાવી લે છે. નવું નવું ધાન્ય જ તે દિવસે ખાવાનું. વાઘદેવ કરવાના હોય ત્યારે એક જણ કાગળ ઓઢી વાઘ બને છે. બીજાઓ એને નળિયાં-પથરા મારી એ કદ્રૂપો વાઘ નાસે ત્યારે હસી મજા કરે છે. ચોમાસાના એક દિવસે ગોવાળદેવની પૂજા થાય છે. એ દિવસે સૌને ઘેરથી એક લાકડી લાવી ગામ-સીમાડે નાખી જવી પડે છે.

સ્થાવર સંસ્કૃતિ

ભીલો અત્યારે તો ખેડૂતો બની ગયા છે. ઘઉં, જુવાર, મગ, અડદ વગેરે પકવીને એઓ મોટા ગામના વેપારીઓને વેચી જાય છે. ઘણા મજુરીબેગારી પણ કરે છે. શાહુકારનું દેવું એમને ઘણું હોય છે. ઝૂંપડાંને એઓ ખોંગો કહે છે અને એ ઘણું ભાગે કામડાંના. ઉપરથી પાંદડાંએ છાએલાં હોય છે. આગળ નાનોસરખો ચોક હોય, બાજુમાં વાલ-વાલોળના વેલા હોય અથવા ભીંડા-મરચીના બેચાર છોડ હોય. પાપડી-ભીંડા ખાય પણ ખરા, ને વધે તે હાટમાં વેચી પણ નાખે. એમની પાસે મરઘાં-બકરાં ને ગાયભેંસે ય હોય છે. ઢોરને માણસે ની સાથે એક જ ઝૂંપડામાં રહેવાનું હોય છે. ઘરસાધનોમાં માટીના કોઠીઓ, ઘંટી, ખાંડણી ને રાંધવાનાં વાસણો હોય છે. ઓઢવાનાં થોડાં ગોદડાં પણ ખરાં. કોઈકોઈ ખાટલા પણ રાખે છે. જરા વધુ માલદાર હોય તો ઓટલાં ય કાઢે. જુવારના રોટલા, અડદની દાળ અને મળે તો માછલી બુમલાં અને ક્યારેક મરઘાં-બકરાંનું માંસ એ એમનો ખોરાક. દારૂ માટે એ લોકો મોગલ શાહજાદાને ય ટપી જાય એવા છે! મેદાનના ભીલો શરીરે ઠીકઠાક ઢંકાએલા રહે છે, જ્યારે અકરાણી મહાલના મથવાડી ભીલો લંગોટીભર જ ફરે છે. સ્ત્રીઓ મંડનપ્રિય છે, અને ધોળા પત્થરની સેરો, બહુરંગી મોતીયાંના હારો સાથે ડઝનબંધી પહેરી રાખે છે. દર અઠવાડિયે ગામે હાટ ભરાય છે, જ્યાં ભીલો પોતાનાં સૌદાંતોની આપલે કરે છે. એમના દિવસો જે ગામે જે દિવસે હાટ ભરાતું હોય એ પરથી ઓળખાય છે. જેમકે રવિવારે ચીંચપાડામાં હાટ ભરાય, માટે રવિવારને એઓ 'ચીંચપાડિયો' કહે છે. આપણા વાર એમણે અપનાવ્યા નથી. એમને રવિવારે આવવાનું કહેવું હોય તો કહેવું પડે: 'ચીંચપાડિયા દીહી યેજે'. ભલેચૂકે રવિવાર કહ્યો તો વાટ જોયા જ કરો!

ભાષા

ખાનદેશના આ ભીલો ભીલી ભાષા બોલે છે. એમાંના ઘણા શબ્દો સંસ્કૃત છે. થોડા શબ્દો સંસ્કૃત બહારના એમની મૂળ ભાષાના હોય એમ લાગે છે. ગુજરાતી ને મરાઠી રચનાઓ ઘણી વખત અંદર ભળે છે. અને ઉચ્ચાર એ જેવો કરે છે. ડૉ. દવે કહે છે કે એ અનાર્ય ઉચ્ચાર છે. સ્ત્રીને 'થેય' અને દારૂને 'હોરો' કહે છે. સંસ્કૃત 'સ્ત્રી' ઉપરથી જ 'થેય' બને છે, અને 'હોરો' 'સુરા'નું જ અપભ્રષ્ટ રૂપ છે. સુરાને બીજી કોઈ પ્રજા આ અર્થમાં, આ રીતે વાપરતી રહી નથી. એઓ વિભક્તિના પ્રત્યયો ઘણી વખત લગાડતા નથી. 'મગનની માડી' એમ કહેવાને બદલે એઓ 'મગન માડી' એમ જ કહેશે. ડૉ. દવે આના ઉપર એક સંશોધન લેખ લખી રહ્યા છે. એમનું કહેવું, મારા સમજવા પ્રમાણે આ છે કે વિભક્તિના પ્રત્યયો આવ્યા પહેલાં આ લોકો બીજી પ્રજાઓથી એકદમ વિખુટા પડી ગયા હશે.

સંક્રાન્તિ

આજના જગતમાં ગમે તેવાં ગાઢાં જંગલોમાં પડેલી પ્રજાઓ પણ અન્ય સંસ્કૃતિથી દૂર રહેતી નથી તો આપણી તદ્દન નજીકના આ ભીલોનું તો શું કહેવું? કેટલાંયે બળો આજે એમના ઉત્થાન માટે કાર્ય કરી રહ્યાં છે. સરકારને રોજ ઊઠી એમની સાથે સારું એવું રાજકાજ કામ. સુધારકોને ગમાણમાં સુધારા કરવાની તમન્ના, છેલ્લે વૈજ્ઞાનિકોને એમનામાં 'વૈજ્ઞાનિક રસ'! આ બધાથી એમનામાં ઘણી આત્મભાનના આવતી જાય છે. એક નવા જ ગીતમાં એઓ ગાય છે:

શૂર આમુ, મર્દ આમુ, ધર્મી આમુ વીર,
જંગલોના રાજા, આમુ આહે વાગા ભીલ,
ખરા મર્દ આમુ ભીલ.
આદિદ ભૂમિ નાંદા, એ ભીલ ભૂમિ હામરા,
ભીલભોમ ખાતાર આમુ જીવ દેનારા ભીલ,
ઓઇદા મર્દ આમુ ભીલ.

પોતે શૂરમર્દ અને ધર્મવીર છે, પોતે જંગલોના રાજા છે, વાઘ વરુને તો કાન પકડીને પોતે દોરી શકે છે એવી જાગૃતિ એમનામાં પેદા થતી જાય છે. વખત આવ્યે પોતે ભીલભોમને માટે જીવ પણ આપશે. અંતે તો કુંવર જીવા વસાવાના જ બધા અનુજો ને?

આ બધાં બળોને વૈજ્ઞાનિક રીતે વિચારવાં જોઈએ; પછી જ સુધારો કરવો રહ્યો. સુધારો વિજ્ઞાનનું જ ફરજંદ હોવું જોઈએ. એમાં ગમે તે સુધારા આપણે ન આણી શકીએ. કેળવણીનો પ્રશ્ન લો. એમને કેવી કેળવણી આપીશું? વર્ષો સુધી એમને સાહિત્યિક કેળવણી અથવા વિજ્ઞાનવિચાર શા ખપનાં? પોતાના પ્રદેશમાં સારી રીતે રહી સારી ખેતી કરી શકે અથવા કોઈ હુન્નર પકડી શકે એ પણ કેળવણી જ ને? એકદમ દારૂબંધી કરાવીએ તો પ્રશ્ન ખડો થાય—એમના રીતરિવાજોમાં દારૂ સંકળાયો છે તેનું કેમ? શાહુકારોને નાબુદ કરીએ, પણ એમની જગ્યાએ શું આપીશું? આવા બધા પ્રશ્નો વિચારીને જ સમાજસુધારકે આગળ ચાલવું જોઈએ.

ઠાકોરભાઈ ભાણાભાઈ નાયક

પ્રાથમિક શિક્ષણ પરનાં વ્યંગચિત્રો

ગયા માર્ચની આખરે અમદાવાદમાં ભરાએલી પ્રાથમિક કેળવણી પરિષદ વખતે આજના આપણા પ્રાથમિક શિક્ષણ તથા તેના શિક્ષકોની અસ્વાભાવિક અને કફોડી સ્થિતિ ઉપર કટાક્ષ કરતાં ચાળીસેક વ્યંગ-ચિત્રોનું એક પ્રદર્શન ગુજરાત કલાસંઘ ચિત્રશાળાની સહાયથી યોજવામાં આવ્યું હતું. એ ચોટદાર ચિત્રોએ પરિષદની અસરને વધુ સફળ બનાવી હતી. એટલું જ નહિ, પણ પરિષદની કારવાઈમાં ભાગ ન લઈ શકેલાઓ, જનસામાન્ય અને સ્ત્રી-બાળકો સુદ્ધાંના વિશાળ સમુદાયને આપણા શિક્ષણ અને શિક્ષકોની દુર્દશાનો ખ્યાલ સચોટ રીતે આપી શક્યાં હતાં. એમાંનાં થોડાં ચિત્રો આ સામેના પૃષ્ઠ પર આપ્યાં છે. પહેલું ચિત્ર સાદું એટલું જ વેધક છે, અને પોતાની જાળમાં સપડાએલા જીવડાનું સત્વ ચૂસી લઈ તેને નિર્જીવ ખોખું બનાવી મૂકતા રાક્ષસી જીવનું કેળવણીને આપેલું રૂપક જોનારના મન પર લાગલી જ અસર કરે છે. બીજું ચિત્ર શિક્ષકની સ્થિતિનું નિદર્શક છે અને નિર્બંધ-બાગાતિથી માર ખાતાંતાંઓ ને આગળકાઈ સુધીના શિક્ષણનો જ્ઞાનબોજ ઉપાડી આવનારને માત્ર પંદર રૂપરડીનો પગાર આપનાર પ્રાથમિક કેળવણીના તંત્ર પર તેમાં ચોટદાર વ્યંગ છે. ત્રીજું અને ચોથું ચિત્ર અનુક્રમે વિદ્યાર્થી અને શિક્ષકની દુર્દશાનાં દ્યોતક છે. ત્રીજામાં શહેરી સ્કૂલ-









ડાબેથી: ગ્રામબાળક ઉપર કેળવણીના જે નિર્દય બોજો લાદે છે તેના પર કટાક્ષ છે. બાળવર્ગમાં ભૂમિતિ, પહેલા ધોરણમાં નિબંધ, રાત્રે આકાશદર્શન, વગર પૈસે હસ્તોદ્યોગો, સાયન્સ કવિતા ને નાટ્યપ્રયોગો આદિનું મોટું પોટલું નાના ગ્રામબાળકના માથા પર મૂકતો શિક્ષક જે એને કહે છે તે ત્રીજાનો કટાક્ષ, એ ચિત્ર સાથે કરે છે. અને ચોથા ચિત્રમાં આપણા 'માસ્તર'ને સરકાર વાલીઓ, સ્કૂલબોર્ડ, કેળવણી ખાતું, ઇન્સ્પેક્ટરો ને ચૂંટણીબાજોનાં બંધનમાં ચોમેરથી જકડાઈને જે કામ કરવું પડે છે તેનો ચોટદાર ચિતાર છે. બીજું ચિત્ર હવે પછી.

સંસારનાં શહેરો

૪૭–સાન ફ્રાન્સિસ્કો


જગતશાન્તિની યોજના વિચારનારી પરિષદનું મિલનસ્થાન થવાનું જે શહેરને ગૌરવ મળ્યું છે તેનો જીવન-ઇતિહાસ માનવીના પ્રબળ પુરુષાર્થ સાથે કુદરતી ખોફની તેજ-છાયાથી ભરેલો છે.

અમેરિકા ખંડના પાછલા બારણા જેવું, તેના પૂર્વ કિનારાનું મુખદ્વાર અને ઉત્તર પાસિફિકના સૌથી મોટા બંદર તરીકે શોભતું આ શહેર જે વિશિષ્ટ ભૌગોલિક સ્થાન પર આવેલું છે તેની શોધ ઈ. ૧૭૭૫ના ઑગસ્ટ માસના એક દિવસે, લેફ્ટેનન્ટ આયાળા નામના એક સ્પૅનિશ અમલદારે કરી, અને અમેરિકાએ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું એ જ વર્ષમાં–૧૭૭૬માં આ શહેરની સ્થાપના થઈ. સંત ફ્રાન્સિસના અનુયાયી સાધુઓનો તેના ઘડતરમાં ફાળો હોવાથી તેનું નામ પણ એ પરથી જ પડ્યું છે. સ્પૅનિશ લોકોની એ હકૂમત પછી ત્યાં રશિયાએ વસાહત જમાવવાનો પ્રયોગ કર્યો ને પછી મેક્સિકન સત્તા હેઠળ એ ગયું, જેની પ સેથી ૧૮૪૮માં અમેરિકાએ તેનો કબજો લીધો. ત્યાં સુધી એ યર્બા બુએના(જેનો અર્થ Good Herb-સારી વનસ્પતિ એવો થાય છે)ના સ્પૅનિશ નામે ઓળખાતું, કેમકે એ પ્રદેશમાં એક પ્રકારની વિશિષ્ટ સુવાસિત વનસ્પતિ થાય છે.

એક બાજુ અમેરિકાના વિસ્તીર્ણ ભૂમિખંડ ને બીજી બાજુએ પ્રશાન્ત મહાસાગરના એટલા જ વિરાટ જલવિસ્તારની વચ્ચે, પૃથ્વીની ટચલી આંગળી જેવા ધરતીના એક અણિયાળા છેડા પર, મોખરાનું સ્થાન જમાવીને પડેલું આ શહેર ભૌગોલિક, રાજકીય, વ્યાપારી તેમજ નૌકાયાનની–બધી દૃષ્ટિએ



સાન ફ્રાન્સિસ્કોનું દૃશ્ય; જેમાં વચ્ચે આવેલો અખાત તથા તેમાં ગોટ ટાપુ પર થઈને સામે કાંઠે ઑકલેન્ડને જોડતો ૧૨ માઈલનો જંગી પૂલ દેખાય છે.



બહુ જ લાક્ષણિક મહત્ત્વ ધરાવે છે (જુઓ નકશો). પૂર્વ બાજુના, ૫૦ માઈલ લંબાઈ ને ૧૦ માઈલ પહોળા સાનફ્રાન્સિસ્કોના અખાતને, ને પશ્ચિમે પાસિફિકના અફાટ મહાસાગરને જોડતી 'ગોલ્ડન ગેઇટ' નામની વિખ્યાત રૂપકડી સામુદ્રધુનિ પર, ધરતીને છેડે અર્ધચન્દ્રકારે આવી રહેલી સાત ટેકરીઓના ઢોળાવ પર એ વસેલું છે. સાડા નવ લાખની વસતિનું અમેરિકાના કૅલિફૉર્નિયા પ્રાંતનું એ પાટનગર છેક ૧૮૪૯ સુધી તો બસો ઓરડાં ને આઠસો માણસની વસતિવાળું નાનકડું ગામડું જ હતું. પણ ઇ. ૧૮૪૯માં એ પ્રાંતમાં સોનાની શોધ થઈ અને એનું કાઠું આડી રાતમાં વીસગણું વધી ગયું. એ સોનાથી સમૃદ્ધ થવા ને નસીબ અજમાવવા માટે એકલા અમેરિકનો જ નહિ, પણ દૂરદૂરના દેશના લોકો અધીરા થઇને પડ્યા. એ 'ફૉર્ટીનાઈનર્સ'નો 'ગોલ્ડ રશ' અમેરિકાના ઇતિહાસમાં મશહૂર છે.

એવી જ મશહૂર એ દેશના ઇતિહાસમાં સાન ફ્રાન્સિસ્કોની આગ અને ધરતીકંપની હોનારતો છે. એ હોનારતોના સાતસાત સપાટા એના પર ઓલી ગયા, છતાં દર વખતે ફીનિક્સ પક્ષી સમું એ પોતાની રાખમાંથી નવા તેજે ફરી સજીવન થયું છે. તેમાં ૧૯૦૬ના ભયંકર ધરતીકંપે, અને તેની સાથે ફાટી નીકળેલી કાળઝાળ આગે તો તેને લગભગ તારાજ કરી નાખેલું, પણ એમાંથી યે અદ્ભુત રીતે એ ટૂંક સમયમાં પાછું તરતું થઈ ગયું.

આપણા કાશ્મીરના જ અક્ષાંશ પર આવેલો કૅલિફૉર્નિયા અમેરિકાના પશ્ચિમ કિનારાની લીલી વાડી કહેવાય છે, અને ત્યાંનું હવામાન સમધારણ છે. વરસમાં આઠ માસ તો અહીં ઉનાળા જેવું રહેતું હોઈ નિસર્ગદેવતા અહીં પૂર બહારમાં ખીલે છે, અને તેની મહેરથી સમૃદ્ધ બનેલો અહીંનો વેપાર વિતરિત કરતું સાનફ્રાન્સિસ્કો દુનિયા ભરનાં વેપારી બંદરોમાંનું એક ગણાય છે. તેમાં યે એની વિશિષ્ટ ભૌગોલિક ઉપસ્થિતિને કારણે વ્યાપારી અને લશ્કરી વહાણવટાનું એ મુખ્ય મથક છે અને યુદ્ધજહાજો તથા વહાણો બાંધવાનો ધીકતો ધંધો ત્યાં ચાલે છે. સદા યે સજીવન ને સોહામણા એ શહેરના રાજમાર્ગ 'માર્કેટ સ્ટ્રીટ' ના જેવો જ બીજો વિખ્યાત 'બાર્બરી કોસ્ટ' નામનો એનો લત્તો એ શહેરના ઇતિહાસમાં નામચીન છે. ૧૮૪૯ના ગોલ્ડ રશ પછી કિસમકિસમની જનતાની આયાતને લીધે, તોફાનો, ખૂનો, અપહરણો ને આપઘાતોના કલ્લાપાતોથી સદા યે ધમધમી રહેતો એ લત્તો રંગરાગ અને નાચગાનનું પણ એવું જ ધામ હતો. જોકે એ તોફાની તત્ત્વોને તો શિષ્ટ શહેરીઓએ ઊભાં કરેલાં નાગરિક ચોકિયાતદળોએ દબાવીને ધીરેધીરે નાબૂદ કરી દીધાં; પણ આજે 'પાસિફિક સ્ટ્રીટ'ને નામે ઓળખાતો એ લત્તો હજી યે કદાગવૃત્તિના રંગીલાઓનું એવું જ મોજશોખનું ધામ છે.

પાણીના પાર પોતાના બે વિશાળ બાહુ લંબાવ્યા હોય એવા બે જંગી પૂલ સાનફ્રાન્સિસ્કોમાંથી ફૂટીને સામા ભૂમિખંડોને સાંધે છે. સાનફ્રાન્સિસ્કોની અખાતના ૧૨ માઇલ પહોળા વિસ્તાર પર પથરાઇને, વચ્ચે આવેલા 'ગોટ આઈલૅન્ડ'ના ટાપુ પર ટેકો લઈ સામા અમેરિકાના ભૂમિખંડ પર આવેલા આકલૅન્ડ નગર જોડે સંધાતો પૂલ દુનિયામાં અજોડ લેખાય છે. ને 'ગોલ્ડન ગેઈટ'ની એક માઇલેક પહોળી સામુદ્રધૂનિ પર થઇને સામે કિનારે જતો ૪૨૦૦ ફૂટ લાંબો ઝૂલતો પૂલ ઈજનેરી તાકાતનું જ્વલંત પ્રતીક ગણાય છે.

સાન ફ્રાન્સિસ્કો માત્ર કુદરતી સૌન્દર્ય કે વ્યાપારમાં જ સમૃદ્ધ નથી; અમેરિકાનું એ એક મુખ્ય સંસ્કારકેન્દ્ર પણ છે. એના એક પરા જેવી જ આકલૅન્ડ પાસેની બર્કલેની યુનિવર્સિટી યુનાઇટેડ સ્ટેટ્સની મોટામાં મોટી વિદ્યાપીઠોમાં ગણાય છે.

વિનાશમાંથી વારંવાર પુનર્જીવિત થઇને અનેક સિદ્ધિઓ ધરાવતું થએલું એ શહેર જગતના નવનિર્માણનો આશામંત્ર આપશે?

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો ૧૦૮મા પાને આપ્યા છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તે જુઓ.

(૧) બે ભૈયા જમવા બેઠા. એક પાસે પાંચ ને બીજાની પાસે ત્રણ ભાખરી હતી. એવામાં ત્યાં ત્રીજો ભૈયો આવી ચડ્યો તેથી તેમણે તેને પણ જમવામાં સામેલ કરી દરેક ભાખરીના સરખા ત્રણત્રણ ટુકડા કરી સૌએ જમી લીધું. જમ્યા બાદ ત્રીજા ભૈયાએ પેલા બંનેને આઠ આના આપ્યા, પણ તેના ભાગ પાડતાં એ બે લડી પડ્યા. પહેલો કહે કે રોટલાનું પ્રમાણ ૫ : ૩નું હોઇ, આનાની વહેંચણી તે મુજબ થવી જોઇએ; બીજો કહે કે ભાખરીના સરખા ભાગ કરી ખાધી માટે પૈસા પણ સરખે ભાગે વહેંચવા જોઇએ. છેવટે ત્રીજા ભૈયાને લવાદ નીમતાં તેણે બંનેની માગણી ખોટી ઠરાવી ત્રીજો જ વ્યાજબી ઠરાવ આપ્યો. તો તે શું હશે?



(૨) કહેવાય છે કે આ દ્વિચન્દ્રાકાર આકૃતિ મહમ્મદ પયગમ્બર સાહેબની મુદ્રા (સીલ) હતી; અને તે પોતાની તલવારની પીંછી વડે એક જ ઝપાટે સળંગ આલેખી શકતા. તમે પણ તમારી કલમ ઉપાડ્યા વિના એને દોરી શકશો?

(૩) એક ગામમાં એક મોચી રહેવા આવ્યો તે જે જોડા બનાવતો તે બરાબર એક વરસ ચાલતા. ગામમાં આવીને તપાસ કરતાં જણાયું કે ગામની વસતિના પાંચ ટકા માણસો એક પગે લંગડા હોવાથી તેમને એક જ પગમાં જોડાની જરૂર પડે તેમ હતું, ને બાકીની વસતિની અરધોઅરધ સંખ્યા તો નાનાં બાળકો ને સ્ત્રીઓની હતી, જે હજુ જોડા પહેરતાં થયાં ન હતાં. તો બાકીની વસતિ તથા એક પગે જોડા પહેરનારા ગણીને કુલ કેટલા નંગ જોડા તે મોચીએ બનાવવા પડશે?

(૪) રૂપિયા, આના અને પાઇ, એ ત્રણે ચલણની દરેકની એકસરખી એવી અપૂર્ણાંક રકમ શોધી કાઢો કે જે ત્રણે રકમનો સરવાળો કરવાથી એક પૂરો રૂપિયો થઇ રહે.

(૫) યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રધ્વજમાં કેટલા પટ્ટા અને કેટલા તારા છે અને તેનો અર્થ શો છે?

(૬) સબમરીનને જર્મનો યુ-બોટ શા માટે કહે છે?

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૧૪]

લેખક
ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

મસૂરીથી પાછા ઊતરતાં હું ફરી હરદ્વાર રોકાયો. ગંગાજી જોતાં કોણ ધરાયું છે? એ જ ગંગાદ્વાર, હિંદભરનાં યાત્રાળુઓનાં ભાવપૂર્ણ મુખારવિંદોનાં દર્શન સ્નાન ને આરતીનું એ જ દેદિપ્યમાન દૃશ્ય, ગુલાબનાં ફૂલો અને દીવાઓના, તરતા અને આરતીના ઘંટારવ સાથે તાલ લેતા પડિયા–એ બધું ફરી જોયું ને હરિરસ પેટ ભરીને પીધો.

દિલ્હી-આગ્રા મેં અગાઉ જોયાં હતાં, પણ બહુ વર્ષ થઈ ગએલાં હતાં એટલે આ વખતે ફરી દિલ્હી ઊતર્યો અને કુતુબમિનાર, જુમા-મસ્જિદ, લાલ કિલ્લો, દીવાને આમ, દીવાને ખાસ, એ બધાં ફરીથી જોયાં.

તબિયત નરમ હતી છતાં હું કુતુબમિનાર પર છેક સુધી ચઢ્યો. ટોચે બેસીને આસપાસમાં, ભાંગેલી ને ફરીફરીને વસેલી એવી સાત દિલ્હીઓનાં ખંડિયેરો જોયાં ને નિસાસો નાખ્યો.

આ નવી દિલ્હી છે તો આપણી રાજધાની, પણ આપણે એના માલિક નથી. એ દુઃખે હું કુતુબમિનાર ઉપર ઘેરાઇ ગયો. પવન તો મગજને તર કરી દે એવો વાતો હતો અને કુદરતનું દૃશ્ય પણ મનોહારી હતું; છતાં ઈન્દ્રપ્રસ્થ, કુરુક્ષેત્ર અને ભીષ્મ-અર્જુનથી માંડી પૃથ્વીરાજ સુધીનાં ઇતિહાસચિત્રો સ્મૃતિપટ પર સીનેમાની ફિલ્મની જેમ પસાર થઈ ગયાં. ઝાઝી વાર હું ઉપર રહી શક્યો નહિ. ભગ્ન હૃદયે નીચે ઊતરી આવ્યો ને ઝટ મોટરમાં બેસી ગયો. અને કુતુબમિનારથી બિરલા મિલ સુધીને આખે રસ્તે આંખો બંધ કરીને જ જાગૃત સ્વપ્નાવસ્થામાં પડી રહ્યો.

પણ નહિ ઊંઘ કે નહિ સ્વપ્નાવસ્થા, એવી એ સ્થિતિ અસહ્ય થઈ પડી મોટરનાં પૈડાંમાંથી કોઈ ઘોર કઠોર નાદ આવતો હતો. એના નીચે કચડાતી પીડાતી દેવી ભારતમાતા પાંચાલી રૂપે જાણે રૂદન કરતી હતી. એ રૂદન કુતુબમિનારથી નવી દિલ્હી, અને ત્યાંથી ચાંદનીચોક અને જુમા મસ્જિદ થઈ સેન્ટ્રલ સ્ટેશન અને બિરલા મિલ સુધીના લાંબે રસ્તે મેં જાણે કાનોકાન સાંભળ્યું. સાતસો વર્ષની વેદના એ લાંબા રૂદનમાં ઝરતી હતી.

દિલ્હી છોડ્યા પછી મેઈલ ટ્રેનના ઘટઘટાટમાંથી રાજપૂતાનાની વીરભૂમિ આગળ પાછું એ રૂદન મેં સાંભળ્યું. આંસુ પણ હવે તો સુકાઇ ગયાં હતાં, એ મરુભૂમિ જેવું જ શુષ્ક મારૂં હૃદય પણ બની ગયું હતું અને અસહાય દશાની તીવ્ર વેદના હૃદયદાહ કરાવતી હતી.

પાંચાલીનું આ દુઃખ, અનેક રાગોની મનોમય કવિતામાં મેં ઘણીવાર સાંભળ્યું છેઃ ઉદેપુરથી એકલિંગજી જતો હતો ત્યારે, ચિતોડગઢ પર ફરતાં ફરતાં, પાવાગઢ ઉપર, ઉજ્જયિનિમાં મહાકાળના મંદિરમાં અને ક્ષિપ્રા નદી પર, ભોપાળના તાલને કિનારે, કોટા અને એની ચંબલ નદી પર, અને હમણાં છેલ્લું છેલ્લું સેવાગ્રામ અને વર્ધામાં.....

નૈનીતાલ બધું મળીને છ વાર જોવાનો મને લાભ મળ્યો છે. ત્યાંનાં સૌન્દર્ય અને શાન્તિ, વિપુલ વનશ્રીની હરિયાળી લીલાશ ને તાજગી બેનમૂન છે. કુદરતની મનોહારી સમૃદ્ધિ ત્યાં અભરે ભરી છે.

એના પર્વતોમાં જુદાંજુદાં શિખરો પરથી હિમગિરિ પ્રદેશની વધવિધ શોભા નીરખવી, નંદાદેવી ત્રિશૂલ વગેરે દૂરદૂરનાં હિમશિખરોનાં દર્શન કરવાં, અને એના તીરપ્રાન્તોનાં કુંજવનોમાં વિહાર કરવા, એ મનુષ્યજીવનની લ્હાણ છે. ઇન્દ્રિયોપભોગથી, ધન કમાવાથી કે સત્તાથી પણ, જે સુખ આહ્લાની નિસર્ગનાં દર્શન આપે છે તેવું સુખ તો કદિ મળતું નથી. ચાર હજાર માઈલનો હિમાલયનો પ્રદેશ ખૂંદી વળનાર એક મુસાફર લખે છે કે નૈનીતાલ જેવી સુંદર જગ્યા મેં ક્યાં યે જોઈ નથી.

પ્રથમ દર્શને જ નૈનીતાલ આંખોને ભરી દે છે. છેક સમુદ્રની સપાટીથી સાત હજાર ફૂટ ઉપર ચડી જઇએ છીએ ત્યારે, કોઈ દ્વાર ઊઘડે ને અજબસૃષ્ટિનાં દર્શન થાય એમ નૈની સરોવરનાં દર્શન થાય છે. એની ત્રણે બાજુ વૃક્ષોથી ભરપૂર ઊંચાઊંચા પહાડો છે અને એનાં પ્રતિબિંબથી નૈનો સરોવર સદાકાળ નીલમના રંગ જેવું લીલું લાગે છે. એક માઈલ લાંબા અને ત્રણેક માઈલ પહોળા એ સરોવરનાં ૯૦ ફૂટ ઊંડાં પાણી સ્વચ્છ, નિર્મળ અને ચળકતાં છે. બાજુઓ પર ત્રણત્રણ માળના રસ્તાઓ છે અને કોઇ પણ રસ્તે ચાલવું તે નંદનવનમાં ફરવા જેવું છે.

દક્ષ પ્રજાપતિએ કનખલમાં યજ્ઞ કર્યો ત્યારે શિવના અપમાનથી સતી યજ્ઞમાં પડી બળી મર્યાં હતાં. વ્યગ્ર બનેલા શિવે દક્ષને માર્યો અને એ જ વ્યગ્ર સ્થિતિમાં સતીના શબને લઇને પોતે કૈલાસ તરફ જતા હતા ત્યારે રસ્તામાં સતીની એક આંખ નીકળી પડી હતી એનું આ સરોવર બન્યું છે. અને તેથી એનું નામ નયનિ-તાલ કહેવાયું એવી પુરાણના કવિઓની મનોહર કલ્પના છે.

કાકા કાલેલકર લખે છે કે 'વાદળમાં લટકતી કોઈ ગન્ધર્વ નગરી જેવું, પરીઓના કોઇ દેશ જેવું, જાદુથી ઊભી કરેલી કોઈ માયાની સૃષ્ટિ જેવું નૈનીતાલ લાગે છે.' એના એકેએક માર્ગે, ખૂણેખૂણે, ખીણોમાં અને શિખરો પર, લતાકુંજો ને વૃક્ષોની ઘટાએ ઘટાએ ફરીફરીને ક્ષણેક્ષણે બદલાતાં નૈનીતાલનાં રૂપો મેં જોયાં છે અને નયનો સફળ કર્યાં છે.

આપણા ગુજરાતના કવિઓ ને નવલકથા-લેખકોએ હિમાલય કે નીલગિરિ જેવાં યાત્રા અને નિસર્ગસમૃદ્ધિનાં મહાન ધામો જોયા વગર જ કાવ્યો ને લખાણો કર્યાં છે, ને ગુજરાતને આ અદ્ભુત નિસર્ગદર્શનની કાવ્યસમૃદ્ધિથી વંચિત રહેવું પડ્યું છે તેથી મારો જીવ ખૂબ બળતો હતો.

ચિત્રકારો પણ કવિઓ જ છે, એટલે રવિશંકર રાવળ તો હિમાલય જુએ જ એમ મેં ઈચ્છા કરી અને બીજા વર્ષથી જ એ ઈચ્છા સર ચીનુભાઈના સૌજન્યથી પાર પડી. ત્યારથી રવિભાઇએ અને મેં, મસૂરી, નૈનીતાલ, દાર્જિલિંગ, નીલગિરિ, કલકત્તા, ભુવનેશ્વર, મદ્રાસ મદુરા, રામેશ્વર ને મ્હૈસૂર, તથા બૅંગલોર સાથે જોયાં છે; અને નાથદ્વારા, કાંકરોલી, ઉદયપુર ને ચિતોડનાં પવિત્ર ને ઐતિહાસિક સ્થળોની પણ સાથે જ મુલાકાતો લીધી છે.

મ્હૈસૂર રાજ્યમાં હાસન કરીને એક ગામ છે. એની એક ભાગોળે બે તળાવ છે. ચાંદની રાત હતી અને એ રાતમાં દસેક વાગ્યે ત્યાંના એક મંદિરના ગોપુરમાંથી શુદ્ધ સંસ્કારી કર્ણાટકી રાગમાં ટકોરખાનાં અને શરણાઇઓ વાગી રહ્યાં હતાં. રવિભાઈ અને હું એ તળાવકિનારાના એક મરનાળા પર એ અમૃત જેવું મીઠું સંગીત સાંભળવા બેઠા તે બેઠા જ. ચોમાસાના દિવસો હતા, એટલે વાદળાંની દોડાદોડીથી વચ્ચેવચ્ચે ચંદ્ર ઢંકાઇ જતો અને પાછો બહાર આવતો હતો. રાગો પણ બદલાતા, પણ તે વધતી જતી રાત્રિને અનુકૂળ હતા. જાણે એના પડઘા અને પ્રતિપડઘા તળાવોની લહેરોમાં અને દૂરનાં ઘેરાં વૃક્ષોમાં પડતા અને અમારાં હૃદયમાં ઝીલાઇ જતા.

આર્ય સંસ્કૃતિની એક ઉચ્ચ કોટિસમા એ કર્ણાટકી સંગીત દ્વારા આખા નાદબ્રહ્મનાં મેં ત્યાં ધ્યાનમાં જે દર્શન કર્યાં તે અમર છે. (ચાલુ)

સર વિલિયમ રોધેન્સ્ટાઇન

(અનુસંધાન પાન ૧૦૩થી) હમણાં હમણાં ચિત્રો કરવાનું ગાંડપણ મને લાગ્યું છે. મારી આસપાસના કલાકાર મંડળે તે વખાણ્યાં ત્યારે તો મેં તેની બહુ ગંભીર ગણના કરી નહિ, પણ એક સુપ્રસિદ્ધ જાપાની કલાકારની નજરે તે પડ્યાં ત્યારે તેણે તેની અણધારી કદર કરી. કેટલાક યુરોપી કલાકારો મારા આશ્રમે આવેલા તેમણે તે બર્લિન અને પારીસમાં બતાવવાની મને સૂચના કરી અને એ બધાનાં આગ્રહ અને પ્રેરણાથી હું એ ચારસોક જેટલાં ચિત્રો મારી સાથે લાવ્યો છું. મને હજુ યે મનમાં અંદેશો છે, એટલે તમારી સલાહની જરૂર છે. બિનતાલીમી હાથ અને મગજની તે નિપજ છે, એટલે માનસશાસ્ત્રમાં તેની ઠીક ગણના મૂકી શકાય. હું એટલું તો જાણું છું કે જેને હિંદી કળા કહેવામાં આવે છે એવાં તો એ નથી જ. અનાવડત, બીનઅનુભવ અને વ્યક્તિગત મર્યાદામાંથી જન્મેલા સાવ નવતર મૌલિક પ્રયોગો એ છે. પણ યુરોપમાં કોઈને બતાવું તે પહેલાં તમારો મત જાણવા હું અતીવ ઇંતેજાર છું. મને આશા છે કે તમે આ સુંદર વીલા સુધી આવી પહોંચશો. તમને જે કંઇ પ્રવાસખર્ચ થશે તે હું આનંદથી સહીશ અને તમારા સ્વાગત માટે બનતું કરીશ.'

થોડાં અઠવાડિયાં પછી રવીન્દ્રનાથ જ ઇંગ્લંડ જઈ પહોંચ્યા અને તેમની પાસે થોકબંધ ચિત્રો ધરી દીધાં. પારીસમાં તે રજૂ થઇ ચૂક્યાં હતાં અને ફ્રેન્ચ કલાકારોને તેમાં નવો પ્રકાશ લાગ્યો એમ એમણે કહ્યું લંડનમાં ઇન્ડિયા હાઉસમાં તેમાંનાં થોડાંનું પ્રદર્શન કર્યું. પણ અંગ્રેજ કલાકારો પર તેની બહુ છાપ પડી નહિ. રૉથેન્સ્ટાઇન લખે છે કે એ ચિત્રોમાં એક પ્રકારનું સ્વપ્નજગત આલેખાયું હતું છતાં તેમાં કોઈ અનોખું ચેતન અને સબળ નવીનતા હતાં, જે બંગાળની માયકાંગલી આકૃતિઓથી તદ્દન જુદાં પડતાં હતાં. હિંદીઓ પોતે પણ એ બંગાળી શૈલીથી હવે કંટાળતા જતા હતા. ચાલુ હિંદી સૃષ્ટિનાં પૌરુષભર્યાં ચિત્રો ક્વચિત થવા લાગ્યાં હતાં, પણ મથુરા, મહાબલિપુરમ, ઇલોરા ને એલિફન્ટાનાં શિલ્પો તથા અજંતાનાં ભરમાર ચિત્રોની સર્જકતા કે રાજપુત ને મુઘલ કલાની તેજસ્વિતાનો વિચાર કરતાં આજે પૂર્વમાં કલાનાં પૂર ઓસરી ગયાં જ લાગે

એ જ અરસામાં ઉદયશંકર તેમની કલાશાળામાં વિદ્યાર્થી બન્યા હતા. તેના પિતા ઝાલાવારના મહારાજાના દીવાન હતા ને લંડનમાં તે વારંવાર સર વિલિયમને મળતા. એક દિવસે તેમણે આવાને પોતાના પુત્રનો અભ્યાસ છોડાવી દેવાની વાત કરી વાતમાં જણાયું કે કોઈને એક હિંદી નૃત્યકારની જરૂર છે, અને તેણે ભારે લાલચોથી તેમને પીગાળ્યા છે. તેમના પુત્રમાં ખરા કલાકારની પ્રતિભા જણાતી હતી. તેથી સર વિલિયમે તેમને એ નિર્ણય ફેરવવા આગ્રહ કર્યો, દબાણ કર્યું ને માત્ર પૈસાના લોભે તેનું જીવન બગાડવું યોગ્ય નથી એમ પણ કહ્યું. પાછળથી ખબર પડી કે ઉદય તો પાવલોવા સાથે અમેરિકા ગયો છે, અને હવે રત્ન એળે ગયું એમ તેમણે માની લીધું.

પણ એકાદ વર્ષ રહીને તે કેટલાક નૃત્યકારો ને સંગીતકારોનું મંડળ લઇ લંડન આવ્યો. તે બહુ જ થોડા જલસા આપવાનો હતો, એટલે એકમાં તે જોવા ગયા, અને તેમની ખાત્રી થઈ કે પહેલાંનો પોતાનો આગ્રહ ખોટો હતો. હિંદમાં જોએલા ઉસ્તાદો અને નૃત્યકારોની છટા, સૌન્દર્ય અને ગાંભીર્ય ઉદયશંકરમાં તેમણે જોયાં. સતાર, વીણા, મૃદંગ આદિ લઇને હારબંધ બેઠેલા વાદ્યકારો પણ એવા જ દૃઢ અને ગંભીર હતા. અને નર્તકીઓની મુદ્રાઓ ને લાવણ્ય! હિંદમાં તેમણે ઘણીવાર વારાંગનાઓનાં નૃત્યમાં કામુક ભાવો, નિર્લજ્જ પરિધાન અને લાલિત્યવિધાન વગરની હીલચાલો જોએલી તેનો ત્રાસ અનુભવેલો. પણ ઉદયશંકરના નેપથ્યવિધાનમાં સાજ પવિત્ર હવા ઊભરાતી હતી. નૃત્યપ્રસંગ પૂરો થતાં રૉથેન્સ્ટાઈન નેપથ્યમાં ગયા. જેવા તેમને જોયા કે લાગલા જ ઉદયશંકરે આસપાસના મંડળને ખસેડી, પાસે આવી નીચે નમી, તેમના ચરણની રજ લઇ માથે ચડાવી પ્રણામ કર્યાં. ત્યાર પછી ઉદયશંકર અવારનવાર લંડન આવેલા, પરંતુ ત્યાં તેમને જોઈએ તેવો આદર મળ્યો નહિ પણ ઑગસ્ટસ જૉન, એપસ્ટાઈન, ઇથેલ વૉકર વગેરે કલાકારો તેના પર મુગ્ધ હતા. કેટલાક કવિઓ, અને સર લૉરેન્સ બિન્યન, ગૉર્ડન, બૉટમ્લી, સ્ટર્જ મૂર આદિ પણ તેના પર આફરીન હતા.

ઈ. ૧૯૩૬માં રૉયલ કૉલેજ ઑવ આર્ટ ઉપર બહુ ટીકાઓ થઈ. કૉલેજની નીતિ તો કલાકારોને બદલે ડિઝાઈનરો (કલ્પકો) તૈયાર કરવાની હતી. સર રૉથેન્સ્ટાઈન પ્રામાણિકપણે માનતા કે કૉલેજ કાંઇ ધંધો શીખવવા માટે ન હતી, પણ દરેક વિદ્યાર્થીમાં સાચી કલાશક્તિ ઉતારવાનું તેનું કામ હતું, પછી તે ચિત્રકાર થાય કે કારખાનાનાં વાસણો ઉપજાવનાર થાય. બાકી ધંધાગત તાલીમ આપવાનું કામ પ્રાંતિક શાળાઓનું ગણાય. રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ જેવી મોટી મધ્યસ્થ સંસ્થા તો સારા શિક્ષકો કે નાયકો જ તૈયાર કરી આપે.

આમ છતાં વિરોધ બહુ જોયો, એટલે તેમણે પોતે જ છૂટા થવાની માગણી કરી અને વિદ્યાર્થીઓ તથા સ્ટાફની વિદાય લઇ હોદ્દાની જવાબદારીનો ભાર ઉતારી નાખ્યો. હોદ્દો છોડતાં પહેલાં તેમને રૉયલ ઍકૅડેમીની મિજબાનીનું આમંત્રણ મળ્યું, જે પ્રસંગમાં માત્ર એ સંસ્થાના સભ્યો ને હોદ્દેદારો જ ભાગ લઇ શકે છે.

પ્રિન્સિપાલ તરીકેની તેમની નિમણૂક પાર્ટ ટાઇમ—અર્ધ સમયની—જ હતી, એટલે પેન્શન વગર જ તેઓ નિવૃત્ત થયા. આથી આવકમાં મોટો ફેર પડ્યો અને મોટું મકાન છોડી હાઇ ગેઇટ પર નાના મકાનમાં તે રહેવા ગયા. ત્યાં જરા નવતર લાગતું, પણ વખતોવખત તે ઓકરિજના ગામડાના મકાને ચાલ્યા જતા

પોતાનો કલા-સંપ્રદાય તેઓ આ શબ્દોમાં રજૂ કરે છે: To represent something of the exquisite detail and large nobility of form apparent to our limited senses seems to me no unworthy aim'—'આપણી પરિમિત ગ્રહણશક્તિને દેખાતી કુદરતની મનોરમ વિગતો અને આકારનો વિશાળ ભાવમય ઉઠાવ રજૂ કરવામાં મને જેવુંતેવું કલાધ્યેય સમાયું લાગતું નથી.'

સારા પ્રૌઢ ગદ્યલેખનની પેઠે તે પોતાનાં ચિત્રોનો ઉઠાવ કરતા અને તેમાં ભાવની મસ્તી પણ સાચવતા. તે કબૂલ કરતા કે કવિતામય ઉઠાવ પોતાનામાં નથી; છતાં જ્યારે જ્યારે અમર આર્યદૃષ્ટિ અને ઉદાત્ત મનોભાવવાળા પુરુષો અને કાવ્યોનો તેમને સમાગમ થતો ત્યારે ત્યારે તેઓ બહુ સુખ અને આનંદ અનુભવી શકતા.

કેટલાં યે અપૂર્ણ ધ્યેયને માટે અસંખ્ય ચિત્રો કરીને તેમણે કામના દિવસો બગાડ્યા હતા. ચિત્રો કરવાના વિચારે શરૂ કરેલા કેટલા યે કૅનવાસોના વીંટા કરી મૂકી દીધા હતા. ચાર્લ્સ હોમ્સ (ઇંગ્લંડના કલા-પત્ર 'સ્ટુડિયો'ના તંત્રી) તેમને ઠપકો આપતા કે તમે દરેક ચિત્રપટમાં વધુપડતું ઠાંસવા મહેનત કરો છો. પણ તેઓ તો અનેક વિવિધતાના લોભે ખેંચાઇ છેવટે તો આકારની સરળતા ઉત્પન્ન કરવાનો જ પ્રયત્ન કરતા. ખરી રીતે તો, તે પોતાના ચિત્રવસ્તુને અનેકાનેક સ્વરૂપે રચના બદલતું અને પ્રકાશના નવાનવા પ્રકારોમાં નવાં સૌન્દર્યો ધારણ કરતું જોવાનો ખૂબ પુરુષાર્થ કરતા. માત્ર સ્કેચને તે 'પ્રણયચેષ્ટા' માનતા, પીંછી હાથમાં લેવી એ તેમને મન ગંભીર સ્નેહમિલન થતું અને તેમાં તે જાત નીચોવાય એટલું સ્વાર્પણ કરતા. તેમનું કલાસૂત્ર હતું કે 'પ્રત્યક્ષ નિશ્ચયાત્મક સ્વરૂપોની પાછળ અનંતનો વાસ છે.'

રવિશંકર રાવળ



માધુકરી

વિધવિધ જાતની લોક-જનની તું ઝળહળે
ડુંગરા ને ઘેરતાં હરિયાળાં ખેતરે.
આથમણા દરિયાને તીર,
સાહસની આંખડી અધીર!
ગુજરાત ઝાઝેરું જીવજે!

છલકાતી છાતી તારી, ઉભરાતો ખોળલો,
ઠાકરડા, ભીલો, કાઠી ને રજપૂતો,
ખારવા ને વાઘેરા વીર,
મેરો ને કચ્છી ખમીર!–ગુજરાત૦

અંત્યજ ને દુબળા દુઃખમાં દળાઈ રહ્યા,
એકુને ખભે બોજ બનતા ઓફાટ ગયા!
ઘાયલ પગ ખખડે જંજર
ખૂટે છે ખડતલની ધીર!–ગુજરાત૦

નેસ નેસ ગામ ગામ ભાદરને ખૂંદતાં
ભેંસુની શીંગ, ધણ ગાયુંનાં ડોલતાં!
ભોળા છે ભોળા આહિર,
ફળાના છોડનાર વીર!–ગુજરાત૦

કાલાને છડવે ને મિલ ફેરે બંગળો,
હાથો હુન્નર રોજ રોજ નવે રૂપે ઘડે,
તારી એ મોંઘી તસ્વીર,
મહેનતનાં મ્હોની લકીર!–ગુજરાત૦

નરસૈયા અખાની ધૂનો ને ગુંજરે,
લોક ફેરે કંઠ મારા હૈયાની ભીતરે,
ગાતાં રહો મુક્ત પ્રેમનીર!
જાગતા જોગથી અધીર!–ગુજરાત૦

—સ્વપ્નસ્થ

પ્રા૦ સુબ્રહ્મણ્ય ચન્દ્રશેખર

(નવા એફ. આર. એસ.)

ફરી એક વાર હિન્દની એક તેજસ્વી પ્રતિભા વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રકાશી છે ને પશ્ચિમે તેને પ્રીછીને તેનું ઉચિત સંમાન કર્યું છે. ચાર વરસ પર એફ. આર.એસ થએલા આપણા પારસી વિજ્ઞાની શ્રી હોમી ભાભાની જ ઉંમરના આ તરુણ પ્રાધ્યાપક સુબ્રહ્મણ્ય ચન્દ્રશેખરને માત્ર તેત્રીસ જ વર્ષની ઉંમરમાં વિરલ જીવનસિદ્ધિ વરી છે અને તેમની એ શક્તિઓનું બહુમાન તેમને ઈંગ્લંડની રૉયલ સોસાઍટીએ પોતાના ફેલો તરીકે સ્વીકારીને (એફ. આર. એસ. બનાવીને) કર્યું છે. શિકાગો વિશ્વવિદ્યાલયની યર્કેસ વેધશાળામાં, ઍસ્ટ્રૉનૉમી (ખગોળશાસ્ત્ર) અને ઍસ્ટ્રોફિઝિક્સ (તારાઓના ભૌતિકશાસ્ત્ર)ના એ પ્રાધ્યાપક છે અને વિજ્ઞાનની એ શાખામાં તેમનું અર્પણ એટલું તો વિશિષ્ટ ને બહુમૂલ્ય છે કે આ પહેલાં તેમને કૅમ્બ્રિજની ટ્રીનીટી કૉલેજની ફેલોશિપ અને



ન્યૂયૉર્કની સાયન્સ ઍકેડમીના સંશોધનના ઈનામનાં મોંઘાં ગણાતાં માનપ્રદાન થઈ ચૂક્યાં છે

પ્રાધ્યાપક સુબ્રહ્મણ્યનું નામ આજના ખગોળ વિજ્ઞાનીઓમાં કેટલો આદર ધરાવે છે તેનો ખ્યાલ યુરોપ અને અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી ભાષણો આપવા માટે તેમને મળતાં અનેક આમંત્રણો પરથી આવી શકશે. ખગોળશાસ્ત્ર ને તારક-ભૌતિકશાસ્ત્રના વિવિધ પાસાંઓને સ્પર્શતા તેમના સંશોધનલેખો લંડનના 'પ્રોસીડિંગ્સ ઑાવ ધ રૉયલ સોસાઍટી' ને 'ઍસ્ટ્રોફિઝિકલ જર્નલ'થી માંડી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં એવાં બીજાં ઉપરાંત પત્રોમાં પ્રગટ થાય છે. હમણાં જ તેમણે ત્રણ મહત્ત્વનાં પુસ્તકો આ વિષય પર પ્રસિદ્ધ કર્યાં છે. તેમની એ અણમોલ સંસિદ્ધિ પર પ્રશંસાનાં પુષ્પ વેરતાં 'કરન્ટ સાયન્સ' જેવું સામયિક લખે છે કે 'ભૌતિક સિદ્ધાન્તો પરની અદ્ભુત પકડ સાથે સૂક્ષ્મ ગણિતભર્યું પૃથક્કરણ કરી શકનારા, આંગળીને વેઢે ગણી શકાય એટલા જ વિરલ વિજ્ઞાનીઓ આપણી પાસે છે તેમાં પ્રા૦ ચન્દ્રશેખરનું સ્થાન છે. આટલા શક્તિસમન્વયથી ભૂતકાળના ખગોળવિજ્ઞાનમાં ફાળો આપનાર મેધાવી પુરુષોનાં નામ જો યાદ કરીએ તો ન્યૂટન, લાપ્લેસ અને આઈન્સ્ટાઈનનાં નામ જ આપણી આંખ આગળ તરી રહે છે. છેલ્લાં પંદર વરસની પ્રા૦ ચન્દ્રશેખરની સંસિદ્ધિઓ જોતાં તો આશા પડે છે કે એમની તેજસ્વી કારકિર્દી એમને જગતના મહાન ખગોળશાસ્ત્રીઓની આગલી હરોળમાં સ્થાન અપાવશે.'

વિદેશી ધરતી પર કીર્તિધ્વજ રોપતા ભારતપુત્રોમાં અનોખું ને અચૂક સ્થાન ધરાવતા પ્રા૦ સુબ્રહ્મણ્ય ચન્દ્રશેખર માટેની ઉપરની આસ્થા આરૂઢપણાને પામો.

ગામડાનો મેવો–રાયણ

પોતાના દેશનાં ફળ ઋતુ પ્રમાણે ખાવાથી કોઈ પણ જાતનું નુકસાન ન થયું કોઈએ એ એક કુદરતી વાત છે. છતાં અતિરેક થાય ત્યારે તો અમૃત પણ નુકસાન કરે છે. 'બોર' એ ગામડાનું વનફળ ગણાય જણાવેલું છે, તેમ 'રાયણો' પણ વનફળ છે, કારણ કે તેની ખેતી થતી નથી અને કુદરતી રીતે પક્ષીઓ મારફતે ઊગે છે.

રાયણને મરાઠીમાં રાજણ, હિંદીમાં ક્ષીરી અગર ખીરની, બંગાળીમાં ખીરખેજુર અને સંસ્કૃતમાં રાજાદન ફલાધ્યક્ષ, રાજન્યા, ક્ષીરિકા આદિ કહે છે. સંસ્કૃતમાં ફળ, અન્ન, વસ્તુ વગેરેનાં નામ તેનાં રૂપ, રંગ, અને ગુણ મુજબ પડેલાં છે. રાજાદન (જેના પરથી ગુજરાતી 'રાયણ' થયું) અને ક્ષીરિકા (જેના પરથી હિંદી 'ખીરની' થયું) તથા ફલાધ્યક્ષ, એ ત્રણે સંસ્કૃત નામોમાં એ ફળની ગુણવાર્તા સ્પષ્ટપણે કહી દીધી છે. એ ફળનો રંગ, સ્વાદ તથા ગુણ એવાં છે અને એ બધાં કરતાં તે એવા ઠાઠ થાય છે કે તેને રાજા પણ વખાણે છે. દૂધવાળાં ફળ ખાળવા જઈએ તો આવાં મધુર, ઠંડાં અને રૂપ, રંગ તથા વાસમાં પણ ગમે તેવાં જે હોય તો તે આ એક જ છે. અને તેથી જ આકારમાં નાનાં હોવા છતાં તેનું નામ 'ફલાધ્યક્ષ' પાડી તેને અધ્યક્ષની પદવી આપી દીધી છે.

આ વૃક્ષ પૂરતું વધી જાય છે ત્યાર પછી જ ફળ આવે છે. એનું પ્રમાણ બીજાં વૃક્ષો કરતાં ઓછું હોય છે; પરંતુ આવરદા લાંબી હોય છે, તેથી ફળાઉ થયા પછી દર વર્ષે ચાલુ ફળ આપ્યે જાય છે. બહારગામ મોકલતાં બગડી જાય છે તેથી તેને આયુર્વેદમાં દુર્લભ ગણેલાં છે. એનું ગુજરાતી નામ રાયણાં(નાં) રાજાનાં (બહાલાં) છે, પરંતુ ખરી રીતે તો આ ફળ 'રાયનાં' નહિ પણ 'રંકનાં'–જનસામાન્યનાં છે.

ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપનું આ ફળ છે. ઉનાળો એટલે પૃથ્વી પરના જળતત્ત્વનું શોષણ,–એકલી પૃથ્વીમાંનું જ નહિ, પરંતુ માનવી, પશુ, પંખી દરેકના શરીરમાં રહેલા જળતત્ત્વનું. આથી ઉનાળામાં દરેકને તરસ વધુ લાગે છે. આ વસ્તુનું પ્રતિનિધિત્વ જાળવી શકે, વધુ શોષણ ન થાય અને ત્રાજવાંની દાંડી સરખી રહે તે માટે કુદરતે જુદી જુદી જાતનાં ફળ–જેવાં કે શેતુર, ફાલસા, નારંગી, દડમ, કેરી, રાયણ, આમલી, ગુંદાં, પીલુ વગેરે રસદાર ફળો–ખરા ઉનાળામાં તૈયાર કર્યાં છે. આનો ઉપયોગ રીતસર અને વિધિસર કરવાથી શરીરની તાકાત, શરીરનું વજન અને શરીરની સ્ફૂર્તિ જેમની તેમ રહે છે. આ ફળ (રાયણ)માં દૂધ રહેલું છે, ચિકાસ છે અને તેથી તે શરીરમાંથી સુકાઈ ગયેલા રસોની ખોટ પૂરી પાડે છે. બીજાં બધાં 'ઍસિડતત્ત્વ'વાળાં ખટાશવાળાં ફળોથી આ ફળ જુદું પડે છે અને તેથી ઍસિડ–ખટાશથી થતો વિકાર (સાંધાનું જકડાવું વગેરે) થતો નથી એ ખાસ નોંધવા જેવી બીના છે.

આયુર્વેદના મતે તે સ્નિગ્ધ, તુરાં, મધુર અને પચવામાં ભારે હોય છે અને ભાગ્યવાન પુરુષોને પ્રાપ્ત થાય છે. ભાવપ્રકાશમાં તેને વીર્ય વધારનાર, બળ આપનાર, શીતળ અને ભારે, તરસ, મૂર્છા, મદ, ભ્રમ, ક્ષય, ત્રણે દોષ અને લોહીના બગાડને મટાડનાર કહ્યાં છે.

ઉપરના ગુણમાં ક્ષય મટાડનાર તરીકેના પણ ગણના છે. જે ફળ સૂર્યના તાપથી પાકે છે તેમાં વિટામિન્સ વધુ થાય છે. વિટામિન 'ડી' જે ક્ષયનો એક જ છેલ્લો ઉપાય અત્યારનું 'ઍલોપથી સાયન્સ' વર્ણવે છે તે સૂર્યના તાપમાંથી મળે છે. રાયણો વૃક્ષ ઉપર જ પાકે છે અને તેથી સૂર્યપક્વ હોવાથી તેમાં વિટામિન 'ડી' હોય તે સ્વાભાવિક છે. તે ઉપરાંત લોહીબગાડને મટાડનાર તરીકે તેને વર્ણવ્યું છે અને તેથી તેમાં વિટામિન 'બી' અને 'સી' પણ છે. ફક્ત સાચવવાનું એટલું જ રહે છે કે આવાં તત્ત્વો હોવાથી તે પચવામાં ભારે છે અને તેથી જેમ ફાવે તેમ ન ખાતાં પ્રમાણસર ખાવાથી જ ફાયદો છે.

ફળને ફળ તરીકે ન ખાતાં તેનો એક મિષ્ટાન્નની ચીજ તરીકે ઉપયોગ કરતાં, તેની ઉપર જણાવેલી સારી અસર ન થતાં ઊલટી અસર થાય છે. જેમ કેળાં, રસ (કેરીનો), સાકરટેટી વગેરેમાં કુદરતે રસો મૂક્યા છે તે પ્રમાણે જ ન ખાતાં તેમાં ઘી સાકર ભેળવી રોટલી સાથે ઉપયોગ કરવામાં આવે છે તેમ રાયણના પણ ઠળિયા કાઢી તેમાં ઘી-ખાંડ નાખી રોટલી સાથે ખાવામાં આવે છે. રાયણ જાતે જ ભારે છે તેમાં વળી પાછાં ખાંડ ને ઘી નાખી તેને વધુ ભારે બનાવાય છે અને અજીર્ણ પેદા કરાય છે, અને આનો દોષ નિર્દોષ ફળ રાયણ ઉપર ઢોળવામાં આવે છે!

રાયણમાં દહીં નાંખી તેમાં રાઈ તથા મીઠું ભેળવી રાયતા તરીકે ઉપયોગ થાય છે. આ મિશ્રણ આરોગ્યદૃષ્ટિએ નુકસાનકારક નથી. તેમાં દહીં અગર છાશ અને રાઈ આવવાથી એકબીજાનું મારણ થઈ પાચક બને છે અને રાયણનો અસલ ગુણ સચવાઈ રહે છે.

સારી વસ્તુનો સ્વાદ લઈને ધરાવા છતાં પણ બીજી ઋતુમાં જ્યારે તેનાં તાજાં ફળ ન મળી શકે ત્યારે પણ તેનો સ્વાદ લેવા સૂકાં ફળોનાં લિસ્ટમાં રાયણોને ઉમેરી વધારો કરવામાં આવ્યો છે. આ ફળને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે છે જેથી તેમાં રહેલ દૂધ અને રસનો ભાગ સુકાઈ જાય છે. એથી તેની ચામડી સુકાઈને કરચલીવાળી થઈ જાય છે અને તેથી તેને 'ફોફડીઓ' કહેવામાં આવે છે. આમાં જંતુ ન પેસી જાય માટે તેને તેલ ચોપડવામાં આવે છે અને ચોમાસામાં ફલાહાર તરીકે વાપરવામાં આવે છે. આ ફળથી ખાસ ફાયદો થતો નથી, માત્ર ફળની મિઠાશ મળે છે એટલું જ.

બોરની માફક રાયણો પણ પ્રાચીન સમયનું આપણું જ આર્યાવર્તનું આપણા ભારતવાસીઓનું વહાલું ને માનીતું ફળ છે, પણ તેના તરફ અત્યારે પશ્ચાત્યોના સહવાસે અણગમો પેદા થયો છે. આજે શહેરીઓને રાયણો ઊલટી કરનાર, ડચૂરો પેદા કરનાર ને ફીક્કાં તૂરાં દુઃખાવાળાં લાગે છે અને પરદેશી ફળો પાછળ પૈસા ખર્ચવા તેઓ તૈયાર થાય છે. જો કે સારી જાતનાં પૂરાં પાકેલાં ફળોમાં મિઠાશ હોય છે તેવી બધામાં હોતી નથી.

આ ફળો એકદમ તાજાં એટલે તુરત તોડીને વાપરવાં સારાં નથી. એક રાત રહેવા દેવાથી તેમાંનું દૂધ ગળામાં ચોંટતું નથી અને મિઠાશ આવે છે. દૂધવાળાં વૃક્ષોની આવરદા વધુ હોય છે. તેનાં ડાળ લાકડાં વધુ ચિકાશવાળાં હોવાથી બળતણમાં પણ સારાં હોય છે. આની સોટી ઉત્તમ થાય છે. એનાં પાન બકરાં, ઘેટાં, ઊંટ આદિનો ઉત્તમ પાલો છે અને તેઓને તેમાંથી શક્તિ પ્રાપ્ત થાય છે. (ચિત્રમય જગત)

ખેતીવાડી વિજ્ઞાનનું એક અનોખું વિદ્યાલય

આજે સર્વત્ર 'યુદ્ધોત્તર પુનર્ઘટના'ની જે યોજનાઓ રચાય છે તેમાં વિદ્યાર્થીઓને પરદેશ મોકલી જુદાજુદા વિષયોનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા વિષે પણ ઉલ્લેખ હોય છે ને એમાં ખેતીવાડી શિક્ષણને પ્રથમ સ્થાન આપ્યું છે. ખેતીવાડીમાં પશુપાલનનો પણ સમાવેશ થાય છે.

હિંદમાં ઢોરોની કુલ સંખ્યા દુનિયાના ઢોરોની કુલ સંખ્યાનો ત્રીજો ભાગ (૨૧૯ કરોડ ઢોર) છે. આપણી પાસે કાંકરેજ બળદ છે જે ખેતરનું કામકાજ કરવા માટે ઉત્તમ છે. આપણી પાસે ગીરની ભેંસો છે જે દર વર્ષે ૨૫૦૦ પૌંડ દૂધ આપે છે.

આ સર્વ આપણી પાસે હોવા છતાં આપણી આ કઢંગી સ્થિતિ છે. એનું એક કારણ એ પણ છે કે આપણને આ વિષયનું વૈજ્ઞાનિક જ્ઞાન નથી. જ્ઞાનસાધનની એ આપણી અછત પરદેશના લોકો સાથે નહિ પણ આપણા દેશના જ બીજા પ્રાન્તો સાથે સરખાવીએ તો યે આ બાબતમાં કેટલા પછાત છીએ તે જણાશે. આપણા ઇલાકામાં

ખેતીવાડીનું મોટું વિદ્યાલય તો માત્ર પૂનામાં જ છે, જ્યારે સંયુક્ત પ્રાન્તમાં પાંચ વિશ્વવિદ્યાલય વચ્ચે છ-સાત ખેતીવાડી વિદ્યાલયો છે. તે સર્વમાં અલ્લાહાબાદનું ખેતીવાડી વિદ્યાલય વિશિષ્ટ હોવાથી અહીં તેનો પરિચય આપવા ઈચ્છું છું.

આ સંસ્થા ખાનગી છે અને અલ્લાહાબાદના વિશ્વવિદ્યાલયના વહીવટ તળે છે. અહીં બી એસસી. એ. જી.ની ડિગ્રી મળે છે. સંસ્થાના સ્થાપક ડૉ. સામ હિગિનબૉટમ ચાલીસ વર્ષ પૂર્વે અહીં આવેલા ત્યારે તેમની પાસે એક વીઘું જમીન કે એકે ય પ્રાણી ન હતું. તે સ્થળે અત્યારે આશરે ૬૦૦ વીઘા જમીન, પાણીને માટે 'ટ્યૂબ વેલ', લગભગ ૨૦૦ પ્રાણીઓની ગોરસશાળા અને એક જબરદસ્ત તથા નામચીન કૃષિગોરક્ષા સંસ્થા ખડી કરી દીધી છે.

આ વિદ્યાલય અલ્લાહાબાદ શહેર બહાર યમુના કિનારે આવેલું છે. કૉલેજમાં કુલ ૧૮૦ વિદ્યાર્થીઓ છે. શિક્ષકો અમેરિકન પણ છે અને હિંદી પણ છે. ખેતીવાડીનો ચાર વર્ષનો અભ્યાસક્રમ છે અને તેમાં જુદાજુદા ચાર વિભાગો છે. મૅટ્રિક પાસ થયા બાદ પ્રથમ વર્ષમાં દાખલ થવાય છે. પહેલાં બે વર્ષમાં ખેતીવાડી ને પશુપાલનની સામાન્ય માહિતી અપાય છે અને પછીનાં બે વર્ષમાં નીચેના ચાર વિષયોમાંથી એકમાં પારંગત થવાનું હોય છે: (૧) ખેતી-પાક કેમ ઉછેરવા; (૨) બાગાયત-ફળફળાદિ વિષે-(૩) ખેતીની ઈજનેરી; -હિંદમાં આ એક જ કૉલેજ આ વિષય શીખવે છે; (૪) પશુપાલન

પશુપાલનમાં ઘણા પેટા વિષયો હોય છે. પ્રાણીઓને શી રીતે કેવો કેટલો ને કેમ ખોરાક આપવો જેથી એમનું શરીર ખીલે. કેવી સંભાળ રાખવી, ઉત્તમ જનાવરો શી રીતે ઉછેરવાં તથા પસંદ કરવાં, ઢોરને શીંગડાં શી રીતે ન ઊગવા દેવાં, તેના રોગો કેવા હોય છે અને કેવી દવા કરવી વગેરે. અહીં મોટામોટા કૂવાઓ ખોદેલા હોય છે તેમાં એક યંત્ર વડે જુવાર, નેપીઅર નામનું ઘાસ, મકાઈ, ગદબ વગેરેના ઝીણા ટુકડા કરી સંગ્રહ કરવામાં આવે છે ને બારે માસ એ જ ખવડાવવામાં આવે છે. જનાવરોને રહેવા માટેની જગા અમેરિકન ઢબ મુજબ બનાવેલી છે. છાણમૂતર ઉત્તમ રીતે એકઠું કરી ખેતરોને પહોંચાડવામાં આવે છે. ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, મરઘાં, સસલાં, ડુક્કર વગેરે દરેક જનાવર અહીં ઉછેરાય છે.

ગોરસશાળાના શિક્ષણમાં દૂધની પરીક્ષા કેમ કરવી, દહીં માખણ પનીર ક્રીમ આદિ કેમ ઉત્તમ બનાવવાં વગેરે હોય છે. અહીં આ સર્વ બનાવી બીજાં શહેરોમાં મોકલાય છે, એટલે આ વેપારની પણ વ્યવહારુ માહિતી વિદ્યાર્થીઓને મળી રહે છે. દૂધમાંથી ક્રીમ તારવ્યા બાદ જે પ્રવાહી વધે છે તેમાંથી કેસીન બનાવે છે. હિંદમાં કેસીનની મોટા પાયા પર બનાવટ ફક્ત ગુજરાતમાં આણંદમાં જ થાય છે. કેસીન પ્લાઈવુડ, પ્લાસ્ટીક આદિ બનાવવામાં વપરાય છે. જો એ બનાવતાં શીખે તો થોડા જ મુદતમાં ઘણી કમાણી કરી શકે. અહીંના એકેએક સાંઢની કીમત રૂા. ૧૦૦૦થી ઓછી નથી.

બી. એસસી. સિવાય બે વર્ષનો આઇ. ડી. ડી.નો ડિપ્લોમા કોર્સ પણ અપાય છે. તેમાં પણ ઉપરનું જ જ્ઞાન અપાય છે. આખા હિંદમાં અહીં જ આવી જાતનો કોર્સ છે. અહીંના ગ્રૅજ્યુએટોની બહુ માંગ હોય છે, ને કોઈપણ સ્થળે નોકરીમાં તેમને દોઢસો-બસો રૂપિયાથી ઓછું મળતું નથી. પ્રથમ અને ત્રીજા વર્ષમાં વિદ્યાલય તરફથી જ પરીક્ષા લેવાય છે. ચોથા વર્ષની વાર્ષિક પરીક્ષા યુનિવર્સિટી લે છે. અહીંની શિક્ષણપદ્ધતિ બહુ સરસ છે. દર માસે દરેક વિષયની અચાનક પરીક્ષા લેવાય છે, અને દર ત્રણ માસ બાદ એક ગ્રેડ બંધાય છે. ૪૫ ટકાથી ઓછા માર્ક લાવનારનો વર્ગમાંથી ગેરહાજર રહ્યા બદલ દંડ થાય છે. આ ગ્રેડ ઉપરથી જ વિદ્યાર્થીને વર્ષને અંતે આગલા વર્ષમાં ચઢાવે છે. આ કારણથી વિદ્યાર્થીઓ નિયમિત રહે છે. અહીંની લાયબ્રેરી પણ ઉત્તમ છે. આખા હિંદમાં આ અનોખું વિદ્યાલય હોવાથી અહીં પંજાબ, સિંધ, કાઠિયાવાડ, ગુજરાત, મુંબાઈ, મદ્રાસ, સીલોન, ઓરીસા, બંગાળ, યુ. પી., પેશાવર, આસામ આદિ હિંદના એકેએક પ્રાંતમાંથી વિદ્યાર્થીઓ આવે છે. જુદાજુદા પ્રાંતની જુદીજુદી ભાષાઓ, પહેરવેશ, રીતરિવાજ, આચારવિચાર જાણવાનો પણ સાથોસાથ લાભ મળે છે. અહીંથી વિદ્યાર્થીને અમેરિકા વધુ અભ્યાસાર્થે જવા માટે સંપૂર્ણ માહિતી ને સગવડ મળે છે.

અહીંના અમેરિકન સ્ટાફ, અમેરિકન ઢબ પ્રમાણે થતી ખેતી તથા પશુપાલન તેમજ આ વિજ્ઞાનને લગતાં એ દેશનાં પુસ્તકો ને સામયિકો દ્વારા મળતું અદ્યતન જ્ઞાન એ ખાસ લાભ છે. અહીંનું જીવન ઘણું નિયમિત છે. સવારના સાડા સાતથી સાંજના સાડા ચાર સુધી શિક્ષણમાં જ રોકાવું પડે છે.

રહેવાને માટે હૉસ્ટેલ છે ને કૉલેજ તથા હૉસ્ટેલ નજીકનજીક જ છે. જમવાને માટે ૨૦-૨૫ વિદ્યાર્થીઓ મળીને ક્લબ ચલાવે છે. માસિક ખર્ચ લગભગ નીચે મુજબ આવે છે: (૧) ટ્યૂશન ફી, રૂમભાડું વગેરે રૂા. ૧૮; ખોરાકી ખર્ચ રૂા. ૨૫; બીજી વાર્ષિક ફી રૂા. ૨૬; તે ઉપરાંત જવા આવવાનું ભાડું, પુસ્તકો, કપડાં, ધોબી, પરીક્ષા-ફી વગેરે મળીને માસિક સરેરાશ ખર્ચ ૭૦ રૂપિયા આવે છે.

— ચિમનભાઈ પરમાર

માતૃદિન

યુનાઈટેડ સ્ટેટ્સ આજે ઘણાં વર્ષો થયાં માતૃવંદનનો ઉત્સવ ઊજવતો આવ્યો છે. મે મહિનાના કોઈપણ એક દિવસને અમેરિકન પ્રેસિડેન્ટ માતૃદિન તરીકે જાહેર કરે છે ને તે દિવસ આખા દેશમાં ઊજવાય છે. દરેક ઘરમાં તે દહાડે માતૃત્વ પામેલી સ્ત્રીને પૂજવામાં આવે છે અને ઘરનાં બીજાં માણસો તેને કંઈ ને કંઈ ભેટ ધરીને પોતાનું માતૃત્વ તરફનું ઋણ અદા કર્યાનો લહાવો લે છે. રાષ્ટ્રના ઘડતરમાં માતૃત્વે આપેલા ફાળાના માનમાં ખાસ પ્રાર્થનાઓ ગોઠવી દેવળો તે દિવસને ઊજવે છે. અમુક પ્રાંતોમાં તો માતૃવંદનાના ચિહ્ન તરીકે, જે પુરુષની માતા જીવતી હોય તે પોતાના પોષાકમાં લાલ ફૂલ પહેરે છે; અને જેની માતા ગુજરી ગઈ હોય તે સફેદ ફૂલ પહેરે છે.

માતૃપદ ખરેખર જગતવંદ્ય છે અને આ રિવાજ દરેક દેશને માટે અનુસરણીય છે. નવા અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રુમૅને ૧૩મી મેના દિવસ માતૃદિન તરીકે ઊજવવા ફરમાન કર્યું છે. (યુસોવી)

જંગમ મકાનો

આજના યુદ્ધ દરમ્યાન ભાંગીને ભૂકો થઈ ગયેલાં શહેરોવાળા દેશો—જેવા કે ઈંગ્લંડ, ફ્રાન્સ, ઇટલી, બેલ્જિયમ, રશિયા, હોલાંડ, ચીનમાં ફરીથી મકાનોની પાકી બાંધણી થતાં ઘણો સમય વીતી જશે. તેથી એ સમય દરમ્યાન ત્યાંની સરકારોને માથે તાત્કાલિક રાહત આપવાનો જે બોજો વધી જશે એ ચિંતા ઓછી કરવા જરૂરિયાત પૂરી પાડી શકાય તેવાં ફરતાંહરતાં મકાનો બનાવવાના અખતરા હાલ થયા છે.

આવાં મકાનોમાં સામાન્ય નાનાં ઘરો ઉપરાંત ઇસ્પિતાલો, મોટી વખારો અને ઉદ્યોગગૃહોનો પણ સમાવેશ થશે. એનું મુખ્ય બાંધકામ પોલાદ અને લાકડાનું હશે, અને પાયા વગરનાં એ ઘરોનું છાપરું પહેલાં બંધાઈ તેના ઉપરથી દીવાલો લટકાવવામાં આવશે! એ રીતે દીવાલો ઉપર બોજો મુદ્દલ નહિ હોય; છતાં જ્યારે એ મકાનને કાયમી અને પાકું બનાવવું હશે ત્યારે એમાંની ઘણીખરી સામગ્રી તો ફરી ઉપયોગમાં લઈ શકાય તેવી જ હશે. (યુસોવી)

ફોટોગ્રાફી

ડેવેલપરનું ઝેર

જાતે ડેવેલપિંગ કરનાર સૌ જાણે છે કે ડેવેલપરથી હાથનાં આંગળાં કોહાઈ જતાં હોય તેમ ચામડી ખોદાઈ જાય છે ને બળતરા થાય છે. આ માટે રબરનાં મોજાં વપરાય છે, પણ તે ઝાઝું ટકતાં નથી ને તે વડે કામ કરવું ફાવતું યે નથી. આને માટે નીચે જણાવેલો બાથ તૈયાર રાખવો ને કામ કરતાં પહેલાં અને ચાલુ કામે વારંવાર એમાં હાથ ઝબોળતા જવા. એથી હાથને કોઈ નહિ લાગે:

હાઈડ્રોક્લોરિક ઍસિડ ચોકખો ૨૦ ટીપાં; પાણી ૨૦ ઔંસ.


ડેવેલપર સોલ્યુશનને કદી પણ હાથ પર જામ થવા અથવા સુકાવા ન દેવા; અને કામ પૂરું થાય કે તરત ઉપલા બાથમાં હાથ ધોઈ પાણીથી બરોબર ધોઈ નાખવા. જો એ બાથ તૈયાર ન હોય તો ગરમ પાણીમાં હાથ વારંવાર ઝબોળતા જવા. હાથ ઉપર ડેવેલપરની અસર હોય ત્યાં સુધી ભૂલેચૂકે પણ સાબુનો ઉપયોગ ન કરવો નહિ, કેમકે સાબુ ઉલટી ઉત્તેજક અસર કરશે.

પણ જો આંગળા કોહાવા શરૂ થયાં હોય તો નીચે જણાવેલો મલમ દિવસમાં ત્રણ વાર ચોપડવાથી અને રાત્રે સૂતી વખતે તેને સારી પેઠે માલિશ કરવાથી જલદી આરામ થશે: Ichthyol (ઇક્થોલ 10 grs.; Lanoline (લૅનોલીન) 40 grs.; Boric Acid (બોરિક ઍસિડ) 40 grs.; Vaseline (વેસેલીન) 30 grs. (અંગ્રેજી પરથી)

હરીફાઈનું પરિણામ

આ વખતની હરીફાઈમાં એક પણ પ્રિન્ટ ચિત્રદૃષ્ટિએ તો શું પણ ફોટોગ્રાફીના નમૂના તરીકે પણ સારો નથી. કોઈમાં ફ્રેમ વાંકી ચૂકી મકાનો, માણસ વગેરે લટકી પડેલાં છે, તો કોઈમાં કૅમેરા શેઈક (કૅમેરાની ધ્રુજ) છે, તો મોટા ભાગના પ્રિન્ટ ફોકસ બહાર છે. ઈનામને યોગ્ય તો એકે પ્રિન્ટ નથી. માત્ર ભાઈ સુધાકર શાહ (અમદાવાદ)નું 'બૅક ટુ હોમ' (અંગ્રેજી નામ શા માટે ?) અને ભાઈ પ્રફુલ્લ પટેલ (આંકલાવ)નું 'પનિહારી' એ બે ચિત્રો નોંધપાત્ર છે.

ભાઈ સુધાકરના ચિત્રમાં તળાવે પાણી પી ઘર તરફ પાછા વળતા ધણનું દૃશ્ય સુંદર છે. ચિત્રનો વિષય, વાતાવરણ ને છાયાપ્રકાશ આકર્ષકતાના પૂરક છે. ગોળાકાર જેવા તળાવકિનારાને આવરતી ટેકરા-



ની હાર અને સામા કાંઠાની ધારની વચ્ચે પથરાએલો પાણીનો પટ, એક સુંદર ત્રિકોણાકાર સંયોજન રચે છે. આમ બધી રીતે પ્રશંસનીય હોવા છતાં આખું યે ચિત્ર ફોકસબહાર હોઈને ઊણું પડે છે. પ્રિન્ટની ટૅકનિક પણ બરોબર નથી. મથાળાનો ભાગ જરા વધુ ઘેરો જોઈએ.

ભાઈ પ્રફુલ્લ પટેલનું સામા પ્રકાશે લેવાએલું 'પનિહારી'નું ચિત્ર ઠીક અર્થસૂચક છે. વહેણમાંથી પાણી ભરતી સ્ત્રીના કાર્યને પાણીમાં થતાં તરંગનાં કૂંડાળાં વેગ આપે છે. પણ મુખ્યપાત્રની છાયા સ્પષ્ટ નથી, ને તેની પાછળ ઊભેલું બાળક તેની સાથે ભળી જઈને ચિત્રને વધુ ભારીભર્યું બનાવે છે. આખું ચિત્ર બધી જ ટૅકનીકમાં નબળું છે. ડાબી બાજુથી લગભગ ત્રૃટ્ય અને મથાળેથી આકાશનો સફેદ ભાગ કાપી નાખવાથી ચિત્રસંયોજન સારૂં થશે. **શ્રીદામ ભટ્ટ**

આ માસ (મે) ઈતિહાસમાં

તા. ૨ ઈટાલીએ આબીસીનિયા ખાલસા કર્યું, ૧૯૩૬.
તા. ૬ શાન્તિનિકેતનમાં વિશ્વભારતીવિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૨.
તા. ૮ પૂના કાવતરા કેસના વાસુદેવ ચાફેકરને ફાંસી, ઈ. ૧૮૯૯.
તા. ૧૩ સિંધના વડાપ્રધાન અલ્લાહબક્ષનું ખૂન, ઈ. ૧૯૪૩.
તા. ૧૭ શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનો જન્મ, ૧૭૪૯.
તા. ૨૦ અમદાવાદમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના, ઈ. ૧૯૧૫.
તા. ૨૩ પહેલું બંગાળી પત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું, ઈ. ૧૮૧૮.
તા. ૨૬ બ્રિટને સોવિયેત રશિયા સાથે સૌપ્રથમ મૈત્રી બાંધી, ૧૯૨૪.
તા. ૩૦ નામી સીનેમાનટ જૉન બૅરીમોરનું મૃત્યુ, ઈ. ૧૯૪૨.

આ માસની વ્યક્તિવિશેષ

એમર્સન



ફિલસૂફી ને કવિતાને જીવનમાં વણી બતાવનાર આ મહાન નિબંધકારનો જન્મ અમેરિકાના બૉસ્ટન શહેરમાં, ઈ. ૧૮૦૩ની ૨૫મી મેએ પાદરી પિતાને ત્યાં થયો હતો. ૧૮૨૧માં ગ્રૅજ્યુએટ થયા પછી ત્રણ વરસ સુધી શિક્ષક તરીકે કામ કર્યા બાદ તે ધાર્મિક અભ્યાસ માટે કૅમ્બ્રિજ ગયા, ને ૧૮૨૬માં એ શિક્ષણ પૂરું કરીને પાદરી તરીકે વ્યાખ્યાનો આપવાનું કામ શરૂ કર્યું. ૧૮૨૯માં તેમનાં પ્રથમ લગ્ન થયાં ને ૧૮૩૨માં અમુક ધાર્મિક ક્રિયાના મતભેદને અંગે પાદરીપદ તજ્યું. એ જ વર્ષમાં પત્નીનું અવસાન થયું. અને ભારે હૃદયે તેમણે યુરોપની યાત્રા કરી. કૉલેરિજ ને વર્ડ્ઝવર્થ, સ્વીડનબર્ગ ને કાર્લાઈલની એમના પર પ્રબળ છાપ પડી હતી, તે સાથે હિંદુ તત્ત્વદર્શનથી પણ તે એટલા જ પ્રભાવિત થયા હતા. ગીતા પ્રત્યેનો તેમનો અનુરાગ તો સુવિદિત છે. ૧૮૩૩માં એ કાર્લાઈલ સાથે જીવનપર્યંત ટકેલી વફાદાર દોસ્તીના તાર વણી પાછા ફર્યા. ૧૮૩૫માં તેમણે બીજી વાર લગ્ન કર્યાં ને બૉસ્ટન નજીક કૉન્કૉર્ડ મુકામે ઘર વસાવી વ્યાખ્યાતાની જિંદગી શરૂ કરી. તેમનાં વ્યાખ્યાનોમાં વિચારની તેજસ્વિતા ઉપરાંત વાણીનું જાદુ પણ ભારોભાર હતું.

૧૮૪૫માં એ ફરી ઇંગ્લંડ ગયા ને ઠેકઠેકાણે ભાષણો આપી પાછા ફર્યા. એ ચિંતનશીલ નિબંધો ઉપરાંત એમર્સને કાવ્યો પણ રચ્યાં છે. ૧૮૬૬માં હાર્વર્ડ કૉલેજ તરફથી તેમને LL.D.ની માનાર્હ પદવી આપવામાં આવી. ૧૮૭૨માં તેમનું ઘર સળગી જતાં પ્રજાકીય ફાળાથી તેનું પુનર્નિર્માણ કરવું પડ્યું. એ જ વર્ષમાં તેમણે પોતાની ત્રીજી લાંબી સફર શરૂ કરી ને ઇજિપ્ત સુધી જઈ પાછા ફર્યા. ૧૮૮૨ના એપ્રિલની ૨૭મી તારીખે એ અનંત શાન્તિમાં પોઢી ગયા.

આતમ આતમ શું કરે જ્ઞાન જોગના દંભ ?
ક્ષણુક્ષણુ કરણી નીરખે (ઈ) સતના રોપે થંભ.

— તનસુખ ભટ્ટ

અમેરિકન રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન એક વાર એક સભા વચ્ચેથી પસાર થતા હતા ત્યાં એમને જોઈ પાછળથી કોઈ બોલ્યું: 'આ પ્રેસિડેન્ટ લિંકન ? અરે પ્રભુ ! કેવા સામાન્ય માણસ લાગે છે ?' એ સાંભળી પ્રમુખ થોભ્યા, ને પાછા વળી પેલાને જવાબ દીધો: 'ઇશ્વર સામાન્ય લાગતા માણસને જ ચાહે છે; નહિતો એ તેમને આટલી મોટી સંખ્યામાં ઉત્પન્ન જ ન કરત.'

કહેવતોના અર્થઃ 'ભણ્યો કણબી કુટુંબ બોળે'—વિદ્યાનો વ્યવહારમાં ઉપયોગ ન કરી શકનારા અથવા પોતાની મૂર્ખાઈ કે દોઢ ડહાપણથી પોતાની જાતને તથા આપ્તજનોને આપત્તિમાં મૂકનારા માણસોની કમઅક્કલ દર્શાવવા માટે એક તુક્કો કહેવાય છે કે એક ભણેલો ગણેલો કણબી કુટુંબનાં ચાર માણસો સાથે પરગામ જતો હતો, ત્યાં રસ્તે નદી આવી. પૂછતાં જણાયું કે નદીમાં વીસ ફૂટ પાણી હતું. એટલે ભાઈસાહેબે હિસાબ કાઢ્યો કે ચાર ફૂટ સુધી પાણી હોય ત્યાં લગી એક માણસ તરી પાર જઈ શકે છે, તો પાંચ ચોક વીસ, એમ ત્રિરાશીને હિસાબે પોતા સાથે કુટુંબનાં પાંચ માણસો વીસ ફૂટ ઊંડી નદી ખુશીથી પાર કરી શકશે ! એમ હિસાબ કરીને ઝંપલાવ્યું અને આખું કુટુંબતાણાઈ ગયું!

અનેકાર્થી શબ્દઃ **અક્ષ**=આંખ (સમાસને અંતે તે અર્થમાં વપરાય છે, જેમકે કમલાક્ષ); માળાનો મણકો; રમવાનો પાસો; ચક્રની કે પૃથ્વીની ધરી; વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ કોઇ પણ જગ્યાનું ગોલીય અંતર. (જેના ઉપરથી અક્ષાંશ શબ્દ બન્યો); જ્ઞાનેન્દ્રિય.

ગણિતગમ્મત

એક આંકડો લો. તેને પડખે થોડી જગ્યા રાખી તે જ આંકડો ફરીથી લખો; અને એ બીજા આંકડાના છેદમાં, તેમાંથી એક ઓછો એવો આંકડો લખો. આ રીતે બનેલી બે રકમોની વચ્ચે ગુણાકારનું કે વત્તાનું કોઇ પણ ચિહ્ન મૂકતાં બંનેના જવાબ એક સરખો જ આવશે. દાખલા તરીકે: ૮ અને ૮/૭. હવે ૮×૮/૭=૮+૮/૭. (ગોપટ જે. કે.)


નેફામાં નાડું પરોવવા માટે કચકડાની સળી અત્યંત કામ આપશે.

બગડેલા સેંટ સ્પ્રેની ફૂલદાની સુંદર થશે.




અજબ પંખી છે આ ચિલોત્રો

માદા ઇંડાં સેવવા ઝાડની બખોલમાં બેસે ત્યારે માદાની માત્ર ચાંચ બહાર રહી શકે એટલું બાકોરૂં રાખી બાકીની બખોલ પૂરી દે છે, અને તેની બંડ પણ અખંડ ચોકી કરવામાં તથા જાતે તેને ખાવાનું લાવી ખવડાવવામાં એવો મંડયો રહે છે કે અત્યંત દુબળો થઈ જાય છે.



આઠ ઇંચ લાંબું, એક ઇંચ પહોળું અને એકઇંચ જાડું એક પાટિયું લો; અને બીજું પ્લાઇવૂડ કે એવું પાતળી જાતનું, ૮ ઇંચ પહોળું ને સોળ ઇંચ પહોળું પાટિયુંલો. પછી ચિત્રમાં આલેખી બતાવ્યાપ્રમાણે પ્લાઇવૂડનાબે ટુકડા વેતરી કાઢીને, ત્રણ ત્રણ ઝીણા સ્ક્રૂથી તેને પેલા જાડા પાટિયાનાબંનેછેડાપર આગળ ને પાછળ જડી દો, એટલે દૈનિક કે અઠવાડિક ખબરપત્રો રાખવાની એક નાની ઉપાળી છાજલી તૈયાર થશે.


(પુ. પ્રા. સંઘવી)




અશોકના સામ્રાજ્યમાં છેક દક્ષિણ સુધી પંચ માર્કડ (અંકી છાપના) સિક્કાઓ પ્રસરેલા. પણ તે પછી દક્ષિણ હિંદમાં સિક્કાઓની સ્વતંત્ર બનાવટ જ ચાલુ રહી છે; અને ઉત્તરહિંદમાં પરદેશીઓની અસરથી ત્યાંની અંતર્દેશીય પદ્ધતિઓમાં જે ફેરફારો થયા તેનાથી દક્ષિણના સિક્કાઓ લગભગ ઈ.સ.ની ચૌદમી સદી સુધી અલિપ્ત રહીને પોતાની શુદ્ધ હિંદી સંજ્ઞાઓ અને પદ્ધતિઓ જાળવી રહ્યા છે. અશોકનામરણ પછી દક્ષિણ હિંદનો મહાન આંધ્ર વંશ ઈ.પૂર્વે ૨૩૦માં સ્વતંત્ર થયો અને ઇતિહાસમાં અજોડ એટલી લાંબી મુદત—સાડા ચારસો વર્ષ—ચાલ્યો. દક્ષિણે છેક મદ્રાસથી પશ્ચિમે કોંકણ અને ઉત્તરે માળવા સુધી વિસ્તરી રહેલા તેના મહાન અને બળવાન સામ્રાજ્યમાં ઠેરઠેર તેના સિક્કા મળી આવે છે. મોટેભાગે તે રૂપા અને ત્રાંબાના મિશ્રણની બિલન ધાતુના અથવા સીસાના હોય છે અને તેના ઉપર હાથી, ચૈત્ય, ધનુષબાણ વગેરે સંજ્ઞાઓ હોય છે. આ ઉપર આપેલા બિલન ધાતુના આશરે ૨૦૦ગ્રામ વજનના સિક્કાની એક તરફ કઠેડાવાળો ચૈત્ય, તેને પડખે ઝાડ અને માથાળે સ્વસ્તિની સંજ્ઞાઓ છે, અને બીજી બાજુ ધનુષબાણની સંજ્ઞાની આસપાસ તે પડાવનાર રાજાનું નામ 'રાણો ગોતમીપુત્ર વિલિવાય કુર' લખેલું છે.

અમેરિકન વિજ્ઞાનીઓએ હમણાં સૂરજમુખીનાં બીઆંમાં કિંમતી વિટામિન ને જલદી પચે તેવા પ્રોટીનની શોધ કરી છે એ બીમાંથી કાઢેલું તેલ ખોરાકમાં ઉમેરવાથી તેને 'નિયાસિન' નામના વિટામિનથી સભર બનાવી દે છે.

બીજી શોધ 'ડ્રૅકસ'નામના એવા પ્રવાહીની છે, જેમાં બોળેલાં કપડાંને કદિ મેલ નથી લાગતો કે પાણી ભીંજવી નથી શકતું. લડાઈ પછી તે જાહેરના ઉપયોગમાં મુકાશે.



જાડા વાંસના કટકાની પ્રત્યેક કાતળીને ઉપલાચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે કાપીને પંખીઓના માળા બનાવી શકાશે. (પુ.પ્રા સંઘવી)



પ્રાર્થના

વુડકટ • ધીરેન ગાંધી

આગાખાના છેલ્લા બંદીવાસ દરમ્યાનના ગાંધીજીના જીવનનાં ૭ પ્રસંગચિત્રો આલેખતા વુડકટ ચિત્રોના સંપુટ
A Glimpse Into Gandhiji's Soulમાંથી